જુન-૨૦૨૪
વર્ષ : ૧૬
અંક : ૧૨
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)




મહાસભા મેરેજ બ્યુરો સમિતિ આયોજીત પ્રથમ ડેસ્ટીનેશન શુભ મંગળ પરિચય મિલન-ગાંધીનગર (ગુજરાત) મધ્યે દિપ પ્રાગટ્ય વેળાએ ઉપસ્થિત સમાજના મહાનુભાવશ્રીઓ...




કચ્છ પ્રાદેશિક યુવા મંડળ આયોજીત "વ્યક્તિત્વ વિકાસ શિબિર"ના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સાથે મહાસભાના હોદ્દેદારશ્રીઓ એવં કચ્છ પ્રાદેશિક સમિતિ, મહિલા એવં યુવા પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રીઓ સાથે અન્ય મહાનુભાવશ્રીઓ...

પધારો વડોદરા || સર્વે સન્માનનીય સમાજબંધુઓને સહર્ષ નિમંત્રણ || પધારો વડોદરા

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની ખાસ સામાન્ય સભા

વડોદરા (ગુજરાત)

તારીખ : ૦૯/૦૬/૨૦૨૪, રવિવાર

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.








Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સહ વીર્યં કરવાવહૈ

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



વર્ષ : ૧૬ | અંક : ૧૨ | જુન-૨૦૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માલિક, માનદ્ તંત્રી, પ્રકાશક ::



મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



સંજયભાઈ લીલાધરભાઈ પરમાર
'કુશ', પ્લોટ નં. ૪બી, વિજયનગર, જુની કોર્ટ પાછળ,
અંજાર (કચ્છ) 370 110.M. 9429007445

સલાહકાર (Advisor)
વિનોદ શાંતિલાલ જેઠવા

આર્થિક સલાહકાર
નિખિલ ધનજીભાઈ ચૌહાણ

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ


## હું એક વડનું પાંદડું... વડ મમ પુનિત સમાજ
## પ્રાર્થું દિનદયાળને... સદા સંગઠિત રહે મુજ સમાજ...

આવી ભાવના જેમના રોમ-રોમમાં વસેલ હતી તેવા આપણી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાના પ્રણેતા તથા સ્થાપક પ્રમુખ **'સમાજરત્ન' પરમ આદરણીય સ્વ. હીરજીબાપા (હીરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણ - રત્નાગીરી/રેહા)ની તા. ૧૦-૦૬-૨૦૨૪ના રોજ ૧૦૯મી જન્મજયંતિ છે.** સમાજ સંગઠન અને સેવાનો ક્ષેત્રે પૂ. બાપાએ આપેલ અવિસ્મરણીય યોગદાન તથા ઉદાર સખાવતોની ભાવનાને આપણે નત: મસ્તક યાદ કરીએ. મોટી નાત સુષુપ્ત અવસ્થામાં હતી અને સાહસી, ઉદ્યમી તથા આર્થિક રીતે ઠીક ઠીક સમૃદ્ધ કહી શકાય તેવો આપણો સમાજ ભારતભરમાં ફેલાયેલો હતો. સ્વ. હીરજીબાપાએ પોતાના સમ વૈચારિક સાથીદારોને એકઠા કરી સમાજને એક તાંતણે પરોવવાનું બીડું ઝડપ્યું. સાધારણ વાહન વ્યવહાર અને પ્રતિકુળ પરિસ્થિતિઓમાં ભારભરનો પ્રવાસ કરી પોતાની ટીમ સાથે સમાજના પરિવારોને મળ્યા. તેમના સુખ-દુ:ખ જાણી ગામ, શહેર કે વસાહત મુજબ ૧૨૩ ઘટકો અને તેનું સંકલન કરતી ૧૬ પ્રાદેશિક સમિતિઓની સ્થાપના કરી મહાસભા રૂપી વિશાળ વડલાની છત્રછાયા આપી. બંધારણ બનાવ્યું. આવી ૧૬ પ્રાદેશિક સમિતિ અંતર્ગતના ઘટકોના આર્થિક રીતે નબળા પરિવારોની સહાય માટે ૧૬ પ્રાદેશિક ટ્રસ્ટોની રચના કરી અને સારૂં એવું ભંડોળ એકત્રીત કર્યું.

સંગઠનની દષ્ટિએ અદ્‌ભૂત કહી શકાય તેવું ઘટક, પ્રાદેશિક, મહાસભા રૂપી ત્રિસ્તરીય માળખું આજે પણ કાર્યરત છે અને સમય-સમય પર બદલાયેલા સુકાનીઓના નેજા હેઠળ અનેકવિધ સેવાકાર્યો સાથે પ્રવૃતિમય છે. આપણા માટે ગર્વની વાત એ છે કે આપણે આ દેશનાં એક ગૌરવશાળી ઇતિહાસ ધરાવતા સમાજના સભ્ય છીએ. સંગઠન જાળવવાની સાથે સમાજના વર્તમાનકાળને દૈદિપ્યમાન બનાવી ભાવી પેઢીને સંસ્કારી, વિચારવાન તથા તેજસ્વી બનાવવાના પ્રયત્નો આપણે સૌએ સાથે મળીને કરવાના છે. વ્યક્તિગત રાગ-દ્વેષને કોરાણે મુકી માત્ર સમાજના હિતને જ ધ્યાનમાં રાખવાનું છે. સ્વ. હીરજીબાપાને મરણોત્તર 'સમાજરત્ન' સન્માન (૧૯૯૨) એનાયત થયાના ૨૫ વર્ષ બાદ તેવી જ એક સમાજવિભૂતી પરમ આદરણીય 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને સાદર અને સહર્ષ આ સર્વોચ્ચ સન્માન (૨૦૧૮) એનાયત થયેલ છે તેનો આપણને ગર્વ છે. **સમાજરત્ન સ્વ. હિરજીબાપાના સંકલ્પિત સેવા કાર્યોને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી પોતાનું સામાજીક ઉત્તરદાયિત્વ સમજીને આગળ વધારી રહ્યા છે ત્યારે ચાલો... સમયના શરૂ થઇ રહેલા એક નવા અધ્યાયની સાથે આપણે પ્રેમ, ભાતૃભાવ, અનુકંપા, સેવા અને સંગઠનની ભાવનાને મજબુત બનાવવાનો સંકલ્પ કરીએ. જય સમાજ...**

'સમાજરત્ન' સ્વ. હિરજીબાપાને તેમની ૧૦૯મી જન્મ જયંતિએ શત્ શત્ નમન... વંદન...

વિનોદ લીલાધર ચૌહાણ - ભુજ


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

**મહાસભા વેબસાઇટ**
app.kgksamaj.org

રકમ કોઈપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com*

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

## મહાસભા મેરેજ બ્યુરો સમિતિ આયોજીત પ્રથમ ડેસ્ટીનેશન શુભ મંગળ પરિચય મિલન-ગાંધીનગરની તસ્વીરો...













## મહાસભા મેરેજ બ્યુરો સમિતિ આયોજીત પ્રથમ ડેસ્ટીનેશન શુભ મંગળ પરિચય મિલન-ગાંધીનગરની તસ્વીરો...



|| જય સીયારામ ||






# વિહાની

જન્મ દિન : ૧૯-૦૫-૨૦૧૫

# હ્રયેય

જન્મ દિન : ૨૭-૦૬-૨૦૧૮

**ઋતુબેન મોહિતભાઈ સોલંકી (મમ્મી-પપ્પા)**
**નિતાબેન 'સમાજરત્ન' વિનોદભાઈ સોલંકી (દાદી-દાદા)**

| | |
|---|---|
| જ્યોતિબેન મહેશભાઈ સોલંકી (દાદી-દાદા) | દેવકન્યાબેન ભરતભાઈ વેગડ (નાની-નાના) |
| નૈનાબેન રમેશભાઈ ચૌહાણ (દાદી-દાદા) | પુજાબેન સંદિપભાઈ ટાંક (માસી-માસા) |
| ઈન્દીરાબેન મનોજભાઈ સોલંકી (દાદી-દાદા) | નંદિનીબેન જયદીપભાઈ સોલંકી (કાકી-કાકા) |
| મૈત્રીબેન સુમિતભાઈ ખોડિયાર (ફઈ-ફુવા) | ઈશ્વરીબેન જયમીતભાઈ સોલંકી (કાકી-કાકા) |

જીયા,પરમ, ક્રિદય (બહેન, ભાઈ)

## સ્વ. પુષ્પાબેન પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

**માધાપર (કચ્છ)**

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



કાર્યવાહક પ્રમુખશ્રી મહાસભા
શ્રી મનોજભાઇ પુરષોત્તમભાઇ સોલંકી
ચિંતન ફાર્મ,
પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
Mob. 9825428100

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિયાર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**

## પ્રમુખ સ્થાનેથી...

જય સમાજ...

સર્વે સમાજબંધુઓને વંદન...

અગાઉના અંકમાં સમાજના વહીવટી પ્રક્રિયામાં જે સ્થિતિ આપણે જોઇ રહ્યા છીએ તેનું મુલ્યાંન કરી કાર્યકર્તાઓની કાર્ય પદ્ધતિના બદલાવની આવશ્યકતા છે. એવું મને જે ધ્યાનમાં આવ્યું તે રજુ કરેલ અને આ વખતે આ મુલ્યાંકન આધારે આપણી કાર્ય પદ્ધતિમાં બદલાવ શું કરી શકાય તેનો વિચાર મારા ધ્યાનમાં આવે છે તે મુજબ આગામી તા. ૯-૬-૨૦૨૪ના વડોદરા મુકામે આગામી બાકી સમય માટે નવા પ્રમુખની વરણી કરવા જઇ રહ્યા છીએ ત્યારે નવા પ્રમુખના કાર્યકાળમાં આપણા સૌનું લક્ષ્ય એ કોઇ વ્યક્તિઓની ચર્ચાઓને બદલે વધુમાં વધુ સમય સમાજ હિત માટેના કાર્ય અને દિશા જળવાઇ રહે તે માટે તમામ પદાધિકારી તેમજ સમાજના દરેક સભ્યએ ચોક્કસ ધ્યાન રાખવું જોઇએ. પદ પરના કાર્યકર્તા કે સમાજના સક્રિય સભ્યો પોતાના અંગત મનદુઃખ, વેરઝેર અગાઉના સમયની ચર્ચાઓ, વાદ-વિવાદ, આગ્રહ-દુરાગ્રહ છોડી નવા પ્રમુખના શીર્ષ નેતૃત્વ અને તેની ટીમ પર જે સમયની જવાબદારી આપી છે ત્યાં સુધી પૂરો વિશ્વાસ, શ્રદ્ધા સાથે સંપૂર્ણ સાથ-સહકાર અને પોતાને મળેલ કાર્યમાં ખંત અને ઉત્સાહ સાથે કામે લાગી જવાની જરૂર છે. શું આવું કરી શકાય ?

જરૂર કરી શકાય. થઇ શકે માત્ર સમાજના પૂર્વજોના યોગદાન નજર સમક્ષ રાખીએ અને સમાજ કાર્યકર્તાનો સાચો અર્થ સમજીને કાર્યમાં જોડાઇએ તો. આ ત્યારે શક્ય નથી જ્યારે કાર્યકર્તાનું લક્ષ્ય સમાજ કલ્યાણ નહીં વ્યક્તિગત હિત આગળ રાખી માન, મોભો, સન્માનની ઇચ્છાથી જોડાય તો સંભવ નથી. તો મારી નમ્ર વિનંતી છે કે, ''આવા કાર્યકર્તાઓ સ્વૈચ્છીક જવાબદારી લેવી જોઇએ નહીં અને આપવામાં આવે તો પણ આપણો ભાવ શુદ્ધ ન હોય તો જવાબદારી લેવી ના જોઇએ એવું હું માનું છું.'' જવાબદારી દેવી અને લેવી બહુ વિચારપૂર્વક અને જાગૃત સ્થિતિની પ્રક્રિયા થાય તે જરૂરી છે. જો પદ પરના કાર્યકર્તા વિચાર અને વ્યવહાર જ સમાજ કલ્યાણનો આધાર છે.

પ્રમુખશ્રી એકલાથી સંભવ નથી. પરંતુ પ્રમુખશ્રીના વિચાર અને વ્યવહાર બહુ જ પ્રભાવ ઉભો કરે છે. અન્ય પદાધિકારી પર તે પણ સમાજના સભ્ય છે એટલે કહેવાય છે કે, ઇન્જીન જ્યાં જાય ત્યાં પાછળની ટ્રેન ચાલે. ઇન્જીન બહુ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તે જ પ્રમુખ પદના કાર્યકર્તાનું ચયન ખુબજ વિચાર વિમર્શથી થાય. સમાજના સર્વ સામાન્ય પદ્ધતિથી બધાજ લોકોની સહમતિથી થાય. આ પદના કાર્યકર્તા પ્રભાવી વ્યક્તિત્વ, અનુભવ સંપન્ન, ભાવપૂર્ણ મહેનતુ, સમયદાની, નાનાથી મોટા બધા જ લોકો સાથે ભળી શકે, પોતાની ટીમ સાથે રાખી ચાલે, નિડરતા, કાર્ય કુશળતા, ધર્મ સંસ્કૃતિમાં શ્રદ્ધા હોય, વેરઝેરને ઘટાડવાના વિચારવાળા (જતું કરવાવાળા), સમાજના સંગઠન, બંધારણના નિયમોની સુઝ, તન, મન, ધન, સમર્પણભાવ હોય આમ આ તમામ ગુણ સંપન્ન કદાચ ના હોય પરંતુ આમાંના મોટાભાગના ગુણો હોવા આવશ્યક છે.

જો આ ગુણ દૃષ્ટીથી વ્યક્તિનું ચયન કરવામાં આવે તો સમાજમાં કાર્યની સ્થિતિ જરૂર સુધારી શકાય. પરંતુ જો પ્રમુખપદનું ચયન કોઇપણ આવડતના મુલ્યાંકન ગુણોનો વિચાર વગર કરવામાં આવે તો ત્રણ વર્ષનો સમય વ્યર્થ જતો હોય અથવા નુકશાન પણ થાય.

હાલની પરિસ્થિતિમાં મારી આપ સૌને વિનંતી છે કે, ''**સમાજ મહાન છે, વ્યક્તિ નહીં.**'' આ સ્લોગનને ધ્યાનમાં રાખી બધા જ વેરઝેર, વાદ-વિવાદ ભૂલી સંવાદ અને ભાઇચારાની સ્થિતિ નિર્માણ થાય તે માટે સામેથી પહેલ કરવી જોઇએ. નવા પ્રમુખશ્રીને સંપૂર્ણ બીનશરતી ટેકો આપી અમને નિર્ણય પ્રક્રિયામાં સહયોગી બનવું જોઇએ. પદ ન મળે તો હું બારે રહીને સમાજ સેવા કરીશ અને જે લોકો કાર્ય કરશે તેને શક્ય હશે તો ટેકો આપીશે તેનો વિરોધ તો નહીં જ કરૂં. પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કોઇપણ જાતના અવરોધ ઉભા નહીં કરૂં. મને આનંદ થાય છે કહેતા કે, અંજારની કચ્છ પ્રાદેશિકની મીટીંગમાં સર્વે લોકોએ પોતાના મનમાં રહેલી બાબતે મુક્ત મને રજુ કરી અને ત્યાર બાદ પ્રસ્તાવિત પ્રમુખ પદના ઉમેદવાર 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ અને મારા દ્વારા હવેથી બધુ ભૂલવા તૈયાર હો તો જ

સમાજ કાર્ય કરી શકાય. શું આપ સૌ સંઘર્ષ ભૂલીને કાર્ય કરવામાં રસ હોય તો જ અમો કામ કરીએ ત્યારે તમામ કાર્યકર્તાઓ એક સાથે સહમત થયા હતા અને વધુ સારૂં ત્યારે લાગ્યું કે આપણા વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવાજી દ્વારા આગામી રચનામાં મારા બધા જ પદ છોડી નવા પ્રમુખને સંપૂર્ણ સ્વતંત્રતા આપી મને નવેસરથી પદ આપશે તો હું લઇશ નહિંતર બહાર રહીને પણ હું સમાજ સેવા કરીશ. આ વાત સામાન્ય નથી. દરેક વ્યક્તિ એ કઇ રીતની માનસિકતાનો બદલાવ જરૂરી છે તેનું સભામાં સુંદર ઉદાહરણ તેમણે આપ્યું છે. હું આ સ્થળેથી તેમને અભિનંદન પાઠવું છું.

આ રીતે જો તમામ કાર્યકર્તા મુક્તપણે સહયોગ આપે કોઇપણ જાતના પદ માટેના દબાણ કે આગ્રહ ન રાખે. પદના મળે તો પણ સહયોગી તરીકે કાર્ય કરે તો જ કહી શકાય કે **''પ્રથમ સમાજ વ્યક્તિ નહીં.''** ત્યારે જ કહી શકાય કે, **''નાતે તર્યા નાતે મર્યા''**, **''પ્રેમથી પ્રેમ મળે''**, **''ભાવથી ભાવ વધે''**, શું આવું કરવાના પ્રયત્નમાં આપ સૌની ભાગીદારી મળી શકે ?

થોડી સંભાવના એટલે પણ લાગી રહી છે કે જેણે સમાજના તમામ લોકોના દિલ જીત્યા છે અને 'સમાજરત્ન' તરીકેનું વિશેષ સન્માન સમાજે જેને આપ્યું છે તેવા શ્રી વિનોદભાઇ સોલંકી આવી પરિસ્થિતિને સુધારવા માટે પ્રસ્તાવિત ઉમેદવાર તરીકે નક્કી થયા છે જેને ઘટક પ્રમુખ, પ્રાદેશિક પ્રમુખ, મહાસભા ઉપપ્રમુખ જેવા પદો પર રહી સફળતા મેળવી છે. વિશાળ દરેક સ્તરનો અનુભવ છે. સમાજભાવના ભરપૂર છે. તન, મન, ધનથી સમર્પિત વ્યક્તિત્વ છે. કોઇપણ ભેદભાવ વગર કાર્યકર્તા છે ત્યારે સમાજને બદલાવનો અવસર ઉભો થયો છે. આ અવસરે ઉત્સવમાં બદલાય તેવી આપ સહુ પાસે હું આશા રાખું છું. નાના-નાના મુદ્દા માટે મોટું નુકશાન ન થાય તે જો જો. આપણા પૂર્વજોએ કરેલું ફેલ ન જાય તે જો જો. બસ એજ આશા રાખું છું.

આપણે સૌ રામના વંશજ છીએ અને હવે રામ આવી ગયા છે. તો રામના સંસ્કારો પણ આપણા સૌમાં આવે. પરિવાર માટે, સમાજ માટે, શું કરાય તે તેમના જીવનદર્શનમાંથી અપનાવશું તો જતું કરતા શીખશું તેવી શ્રીરામ ભગવાન પાસે પ્રાર્થના સાથે અસ્તુ.

તા. ૯-૬-૨૦૨૪ના સકારાત્મક સાથે સૌ બધુ જ ભૂલી પરિવારભાવ દર્શિત કરી નવા પ્રમુખને આપણું સંપૂર્ણ સમર્થન આપીએ એજ આશા સાથે અસ્તુ... જય સમાજ...

અંતમાં કેટલાક લોકોને ઇલેકશન પદ્ધતિમાં ખામી છે પરંતુ બંધારણ અને નિયમો જોવા-સમજવાનો ભેદ છે તેને આ સમાજ કલ્યાણના યજ્ઞમાં બાધીત ન કરીએ. મોટા કાર્યમાં ઇરાદા જોવા જોઇએ.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી

**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭



Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

## SERVICES

- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

## CONTACT

MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## તત્કાલ સામાન્ય સભા - વડોદરા

## મહાસભાની તત્કાલ સામાન્ય સભાની સુચના – આમંત્રણ

આત્મિય સમાજબંધુઓ... જય સમાજ... રામ રામ...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના વર્તમાન સત્ર ૨૦૨૪–૨૦૨૬ના પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - નાગપુર એ આપેલ રાજીનામાને કારણે ઉત્પન્ન થયેલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે શેષ સત્ર માટે મહાસભાના આદ. પ્રમુખશ્રીની વરણી કરવા માટે **મહાસભાના કાર્યવાહક પ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર**ના અધ્યક્ષ સ્થાને **ગુજરાત પ્રાદેશિક સમિતિ** અંતર્ગત આવતા **વડોદરા ઘટ**કના સ્નેહમય આમંત્રણથી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન - વડોદરા મધ્યે તા. ૦૯/૦૬/૨૦૨૪, રવિવારના મહાસભાની તત્કાલ સામાન્ય સભા બોલવવાનું આયોજન કરવામાં આવેલ છે. મહાસભાના સૌ વડીલ સલાહકારશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તેમજ ખાસ મહાસભાના પ્રતિનિધિશ્રીઓ અને સર્વે સમાજબાંધવોને પધારવા હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**દિનાંક : ૦૯/૦૬/૨૦૨૪, રવિવાર, સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

**સ્થળ : શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન - વડોદરા**

**:: સમયસારણી ::**

| આગમન – ચા–નાસ્તો | વડોદરા ઘટક દ્વારા સ્વાગત | મહાસભાની તત્કાલ સામાન્ય સભા | બપોરનું ભોજન – વિદાય |
|---|---|---|---|
| સવારે ૭.૩૦ થી ૯.૦૦ | સવારે ૯.૩૦ | સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ | બપોરે ૧.૩૦ થી ૩.૦૦ |

**:: તત્કાલ સામાન્ય સભાના મુખ્ય એજન્ડા ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ

★ શુભેચ્છા સંદેશાઓનું વાંચન

★ મહાસભાના આદ. કાર્યવાહક પ્રમુખશ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન

★ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન

★ સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન

★ મહાસભાના વર્તમાન શેષ સત્રના સમય માટે આદ. પ્રમુખશ્રીની વરણી અને નિર્ણય

★ નવનિર્વાચીત પ્રમુખશ્રીનું સન્માન – ઉદ્‌બોધન

★ કાર્યવાહક સમિતિએ કરેલ ભલામણ પર ચર્ચા–વિચારણા અને નિર્ણય

★ આભારદર્શન, રાષ્ટ્રગીત

**નોંધ :** વડોદરા સમાજ ભવન મધ્યે ૧૫ રૂમ આવેલ છે. સવારે પધારનાર પ્રતિનિધિશ્રીઓ માટે ન્હાવા–ધોવા અને ફ્રેશ થવા વ્યવસ્થા કરવામાં આવશે. માત્ર ત્રણ કલાકની એક જ એજન્ડા પરની મીટીંગ બોલાવેલ છે. બહારથી આવનાર પ્રતિનિધિશ્રીઓ માટે આગલા દિવસે રાત્રે અને જરૂર પડશે તો મીટીંગના દિવસે રાત્રે ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. સમાજ ભવનમાં વહેલા તે પહેલાના ધોરણે રૂમ બુક કરવામાં આવશે. તે સિવાય ઉતારા માટે હોટેલમાં રૂમની વ્યવસ્થા કરવા માટે **શ્રી કુમારભાઇ શરદભાઇ ચૌહાણ** અને **શ્રી તૃષારભાઇ મોહનલાલ ચૌહાણ** સાથે સંપર્ક કરી રૂમ બુક કરાવી શકાશે. હોટલ અને ટેરીફની વિગત વોટ્સએપના માધ્યમથી જાહેર કરવામાં આવશે.

**:: સંપર્ક સુત્ર ::**

| | | | |
|---|---|---|---|
| શ્રી પ્રભુલાલભાઇ ભવાનજીભાઇ રાઠોડ | શ્રી કુમારભાઇ શરદભાઇ ચૌહાણ | શ્રી તૃષારભાઇ મોહનલાલ ચૌહાણ | શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર |
| પ્રમુખશ્રી વડોદરા ઘટક | ઉપપ્રમુખશ્રી વડોદરા ઘટક | મંત્રીશ્રી વડોદરા ઘટક | વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા |
| મો. ૮૧૨૮૫૩૬૨૩૩ | મો. ૯૮૨૪૦૩૫૦૯૦ | મો. ૯૬૬૪૭૬૫૪૬૧ | મો. ૯૪૦૮૨૪૪૬૪૪ |

**વિનિત : શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા)**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

સહ વીર્યં કરવાવહૈ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

## સહયોગ શુલ્ક અને વાર્ષિક જાહેર ખબર અંગે જાહેર વિજ્ઞપ્તિ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના મુખપત્ર સેતુ સમાજ સંદેશના આર્થિક ખર્ચને પહોંચી વળવા માટે સમાજબંધુઓ દ્વારા વાર્ષિક લવાજમ, આજીવન લવાજમ અને સહયોગ શુલ્ક તેમજ વાર્ષિક જાહેર ખબર દ્વારા આર્થિક યોગદાન આપવામાં આવે છે તે બદલ સર્વે યોગદાન આપનાર સમાજબંધુઓનો આભાર વ્યક્ત કરીએ છીએ.

મિત્રો, હાલના સંજોગોમાં પ્રિન્ટીંગ કોસ્ટમાં વધારો, પેપરના ભાવમાં સતત વધારો એવં ભૂતકાળમાં જે પેપર ક્વોલીટીનો ઉપયોગ કરતા તેના કરતા વિશેષ સારી ક્વોલીટીના ગ્લોઝી પેપર પર કલર પેજ અને બ્લેક એન્ડ વ્હાઇટ મેટર માટે પણ સારી ક્વોલીટીના પેપરનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય ખર્ચમાં તોતિંગ વધારો થવાને કારણે સેતુ સમાજ સંદેશને ગયા નાણાંકીય વર્ષમાં ૧૪ લાખ ખોટનો સામનો કરવો પડેલ છે. સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ઘરે ઘરે મુખપત્ર પહોંચે તેવા અભિયાનને અભૂતપૂર્વ સફળતા મળેલ અને લગભગ ૧૫૦૦ નકલોનો વધારો થયેલ છે. હાલમાં છ હજાર કોપીનું પ્રકાશન કરવામાં આવી રહેલ છે જેના કારણે દરેક માસના અંક દિઠ લગભગ એક લાખ  રૂપિયાનો તોટાળો થઇ રહ્યો છે. આ ઘટાડો સરભર કરી શકાય તો જ મુખપત્રને લાંબો સમય ટકાવી રાખી શકીએ તેવી પરિસ્થિતિ નિર્માણ થયેલ છે. માટે આ પ્રશ્ન આપ સૌ સમાજબાંધવો સમક્ષ મુકીને લગભગ ૧૫ વર્ષ પહેલાથી ચાલ્યા આવતા વાર્ષિક જાહેરાત અને સહયોગ શુલ્કના દરોમાં વધારો જરૂરી બનતા કોર કમીટી સાથે ચર્ચા-વિચારણા કરી એપ્રિલ-૨૦૨૪થી અમલમાં આવેલ છે. નવા સહયોગ શુલ્કની માહિતિ સૌ સમાજબંધુઓની જાણકારી અર્થે આપી રહ્યા છીએ. આશા છે કે આપ સૌ સુજ્ઞ સમાજબંધુઓ તેનો અભ્યાસ કરી સહકાર આપશો. જય સમાજ...

| ક્રમ | વિગત | સહયોગ શુલ્ક | માસીક |
|---|---|---|---|
| ૧ | વાર્ષિક જાહેરાત (Last Page) Colour | 60,000 (વાર્ષિક) | 10,000 |
| ૨ | ટાઇટલ પેજ (૨ અને ૩) Colour | 50,000 (વાર્ષિક) | 8,000 |
| ૩ | વાર્ષિક જાહેરાત (ફુલ પેજ) Colour | 40,000 (વાર્ષિક) | |
| ૪ | વાર્ષિક જાહેરાત (1/2 પેજ) Colour | 20,000 (વાર્ષિક) | |
| ૫ | રેગ્યુલર ફુલ પેજ Colour | 7,000 | |
| ૭ | રેગ્યુલર (1/2 પેજ) Colour | 3,500 | |
| ૮ | રેગ્યુલર (1/4 પેજ) Colour | 2,000 | |
| ૯ | વાર્ષિક જાહેરાત (B/W) ફુલ પેજ | 25,000 | |
| ૧૦ | વાર્ષિર્ક જાહેરાત (1/2 પેજ) (B/W) | 15,000 | |
| ૧૧ | વાર્ષિક જાહેરાત (1/4 પેજ) (B/W) | 10,000 | |
| ૧૨ | રેગ્યુલર ફુલ પેજ - (B/W) | 2,500 | |
| ૧૩ | રેગ્યુલર (1/2 પેજ) (B/W) | 1,500 | |
| ૧૪ | રેગ્યુલર (1/4 પેજ) (B/W) | 1,000 | |
| ૧૫ | આજીવન લવાજમ | 3,000 | |
| ૧૬ | વાર્ષિક લવાજમ | 500 | |
| ૧૭ | હોમ-હવન-કુળદેવીની વિગત | 500 | |

ઉપરોક્ત સહયોગ શુલ્ક એપ્રિલ'૨૦૨૪માં પ્રકાશીત થનાર જાહેર ખબરોથી લાગુ થઇ ગયેલ છે.

ટાઇટલ લાસ્ટ પેજ અને ઇન્નર ટાઇટલ વાર્ષિક જાહેરખબર ન હોય તો માસિક શુલ્ક રૂા. ૧૦,૦૦૦ અને ૮,૦૦૦ મુજબ રહેશે.

॥ ॐ शांति ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ



# 'સંજીવની-૫'

The Lifeline.....

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**
**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન**

**શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર**
**શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર – હૈદ્રાબાદ**
**શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર – મુન્દ્રા**
**શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર – અંજાર**
**સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર – રાયપુર**
**સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર – સુરત**
**શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર – કલ્યાણ**
**શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી–કેન્યા–આફ્રિકા**
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) - સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ - વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક - આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક - લંડન (આદિપુર)

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**


સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... મહાસભાના સેવાકીય ઉદ્દેશોને સાર્થક કરતી અભિલાષા સમિતિના માધ્યમથી સમાજના આર્થિક રીતે નબળા ૬૨ જેટલા છાત્રોની શિક્ષણ સહાય માટે ગતમાસ સુધી રૂા. ૬,૨૦,૦૦૦ (છ લાખ વીસ હજાર)નું વિતરણ કરવામાં આવેલ છે. આ સેવા કાર્ય માટે પોતાનો ઉદાર આર્થિક સહયોગ આપનાર દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર... દાતાશ્રીઓના યોગદાનની નોંધ આપણે આ કોલમના માધ્યમથી નિયમિત રીતે લઇએ છીએ. તેમ છતાં પાછલા વરસે નોંધપાત્ર દાન આપનાર આદરણીય **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી, મહાસભાના ઉપપ્રમુખો શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા – મુન્દ્રા, શ્રી નિખીલભાઇ ધનજીભાઇ ચૌહાણ – નાગપુર, શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ – કુમ્હારી, સ્વ. જયાબેન કેશવજીભાઇ ચાવડા પરિવાર – રાયપુર તથા શ્રી નાનાલાલભાઇ હીરજીભાઇ સોલંકીનો આ સમિતિ વિશેષ આભાર માને છે.**



દાનદાતાશ્રીઓના આ ક્રમમાં મુળગામ વીડી, હાલ **અંજાર નિવાસી આપણા સમાજના સેવાભાવી દંપતિ સૌ. સુધાબેન તથા શ્રી દિપીનભાઇ જીવરામભાઇ સોલંકીના હોનહાર અને સમાજપ્રેમી સુપુત્ર ચિ. કુશલકુમાર સોલંકી (બી.ટેક. એમ.બી.એ. – મેનેજર, રીલાયન્સ રીટેઇલ્સ–મુંબઇ) તરફથી તેમના જન્મદિન તા. ૧૦–૦૫–૨૦૨૪ના શુભ અવસરે સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને મદદરૂપ બનવા રૂા. ૧૧૦૦૦ (અગિયાર હજાર)નું ખુશાલી દાન આપવામાં આવેલ છે.** સમાજની યુવા પેઢીનું પ્રતિનિધિત્વ કરતા ચિ. કુશલભાઇને આભાર સહ જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ... તથા તેમના પ્રેરક દાતા-પિતાને સાદર નમન...



**મુળ ગામ હાજાપર, હાલે આદિપુર નિવાસી શ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા** આ સમિતિના વાર્ષિક દાનદાતાશ્રી છે. હાજાપર મધ્યે નિર્મિત સમાજ ભવનના મુખ્ય દાતા એવા તેઓશ્રી સમાજના ઘણા ખરા આયોજનોમાં પોતાનો સહયોગ આપે છે. તેમના તરફથી પણ ચાલુ વર્ષના દાન પેટે રૂા. ૬,૦૦૦ નો ચેક પ્રાપ્ત થયેલ છે. તેઓશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

માસ મે-૨૦૨૪ના માસિક દાનદાતાશ્રીઓ રૂપે **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી – રૂા. ૫૦૦૦, શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક – રૂા. ૧૦૦૦**ની દાનરાશી પ્રાપ્ત થયેલ છે. દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર...

## :: 'અભિલાષા' દાન માટે અપીલ ::

સમાજના શિક્ષણપ્રેમી દાન-દાતાશ્રીઓને વિનંતી કે શિક્ષણ ક્ષેત્રે વધેલી તકોને ઝડપી ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છુક સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે આપનું દાન આવકાર્ય છે. આ એક પુણ્યનું કામ છે. આપનું દાન આવકવેરાની કલમ-૮૦/જી હેઠળ કર મુક્તિને પાત્ર છે. રૂા. ૫૦૦૦/- કે તેનાથી વધુ દાન આપનાર દાતાશ્રીઓના ફોટા સાથે સહયોગ નોંધ આ કોલમમાં લેવામાં આવશે.

- વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી તથા ઉપપ્રમુખ



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરીત કરીને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત નવા સત્રનો ચોથો પ્રોજેક્ટ તા. ૧૩-૦૪-૨૦૨૪, શનિવારના રોજ **છત્તીસગઢ પ્રાદેશિકના રાયપુર ઘટકના શ્રીમતી માધુરીબેન અંકુરભાઇ ટાંક** દ્વારા સફળતાપૂર્વક લેવામાં આવેલ.



શ્રીમતી માધુરીબેન અંકુરભાઇ ટાંક એ ગં.સ્વ. સુનીતાબેન તથા સ્વ. નયનભાઇ વાઢેર - રાયપુરના સુપુત્રી અને ગં.સ્વ. વંદનાબેન તથા સ્વ. નરેશભાઇ ટાંક - છીંદવાડાના પુત્રવધુ છે. શ્રીમતી માધુરીબેન ઇન્ટીરીયર ડીઝાઇનર અને માસ્ટર ઇન ક્લીનીકલ સાયકલોજીનો અભ્યાસ કરેલ છે. તેઓ ગયા સત્રમાં છ.પ્રા. યુવા મંડળ શૈક્ષણિક વિભાગમાં સહમંત્રી તરીકે કાર્યરત પણ હતા.

શ્રીમતી માધુરીબેનને બાળપણથી જ હેન્ડીક્રાફ્ટ અને આર્ટીસ્ટીક વસ્તુઓ બનાવવાની રૂચી હતી. તેમને મધુબની પેન્ટીંગ અને કત્થક નૃત્ય શીખેલ છે. શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામાંડળ અને નુપુર ડાનસ એકેડમી દ્વારા આયોજીત ઓનલાઇન સોલો ડાન્સ કમ્પીટીશનમાં સેમી ક્લાસીકલ ગ્રુપમાં માધુરીબેનને સેકન્ડ રનર્સઅપનું સ્થાન હાંસીલ કર્યું હતું. તે એક ફ્રી લાન્સર ઇન્ટીરીયર ડીઝાઇનર અને જાત જાતના હેમ્પર બનાવવાનાં ઓર્ડર પણ લે છે.

મહિલા ઉત્કર્ષ સમિતિના ચોથા "Learn & Earn" પ્રોજેક્ટમાં શ્રીમતી માધુરીબેને ''બનાના લીફ આર્ટ'' શિખવાડ્યું હતું. બનાના લીફ આર્ટ એક યુનિક અને મનમોહક સુંદર કલા છે. જે ઓછા લોકો જાણે છે. માધુરીબેને આ પ્રોજેક્ટ ખુબજ સફળતાપૂર્વક લઇ કેલાના પાંદડાથી જાત જાતની ડીઝાઇન બનાવતા શીખવાડ્યું અને ઘણી બધી મહત્વપૂર્ણ ઉપયોગી ટીપ્સ આપી તેના દ્વારા ઘરને કેમ સજાવી શકાય એની સુંદર જાણકારી આપી. જેમ કે (૧) સેન્ટર પીસ એસન્ટ્સ (૨) પ્રકાશક પેડસ્ટ્રલ (૩) તોરણ (૪) ટેબલ ટોપ ટોપર (૫) રીચ્યુઅલ ટ્રે.

બનાના લીફ આર્ટની ખાસિયત એ છે કે તે ઓછા બજેટમાં ખુબજ સારી કિંમતમાં કમાણી આપી શકે છે. ઓછા ઇન્વેસ્ટમેન્ટ સાથે અતિ સુંદર અને શુભ એવા બનાના લીફ આઇટમ્સ કઇ રીતે ડીઝાઇન કરી શકાય તે પણ તેમને ખુબજ સરળતાથી સમજાવ્યું - શિખવાડ્યું હતું. વિવિધ પ્રકારના ડીઝાઇન સાથે જન્મ દિવસ, શુભ લગ્ન પ્રસંગો, ગૃહ પ્રવેશ જેવા સર્વ શુભ પ્રસંગોએ આ સુંદર-સુંદર બનાના લીફની વસ્તુઓને કેમ ઉપયોગમાં લાવી શકાય, ઓર્ડર્સ લઇ કેમ વેચાણ કરવું, કમાણી કરવી ખુબજ સારી રીતે સમજાવ્યું હતું.

શ્રીમતી માધુરીબેન કહે છે ''મહિલા ઉત્કર્ષ સમિતિ'' મહિલાઓ માટે આર્થિક સશક્તિકરણનું પ્રતિક છે. તેમનું ''શીખો અને કમાઓ'' પ્રોજેક્ટ સમર્પણનું સત્ય છે. મહિલાઓને શક્તિશાળી બનાવી, પ્રત્યેક પગથી સફળતા માટે તેમનું પ્રયાસ પ્રેરણાનું સ્ત્રોત દુરથી દુર સુધી છે. દરેક પ્રોજેક્ટ બહેનોના ઉત્કર્ષ માટે મોટીવેટ કરે છે. શ્રીમતી માધુરીબેન કહે છે રાષ્ટ્રીય સ્તરનું મંચ આપી મારૂ આર્ટ બતાવવાનું મને અવસર આપ્યો. શ્રીમતી મીતાબેનના સતત માર્ગદર્શનથી હું આટલા સરસથી... સરળતા અને સફળતાથી શીખવાડી શકી તે માટે મીતાબેન અને ટીમની ખુબજ આભારી છું... ધન્યવાદ પાઠવું છું.

રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી માધુરીબેન જેવા અનેક કલામાં પારંગત, શ્રૃજનશીલ, પ્રેમાળ, લાગણીશીલ, સમાજસેવાની ભાવના ધરાવતા, પોતાના ઉત્કૃષ્ટ કલાજ્ઞાન સાથે નિખાલસતાથી ખુબજ ઉપયોગી, મહત્વપૂર્ણ ટીપ્સ આપીને પ્રોજેક્ટને સફળતમ બનાવતા બહેનને હૃદયથી સૅલ્યુટ આપી, શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧



**।। અન્નદાન મહાદાન ।।**

શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા (પ્રભારીશ્રી) અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦, ૯૮૨૫૧૬૩૨૮૮

**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

જય સમાજ... રામ રામ મહાસભાની વિવિધ સમિતિઓ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના જરૂરીયાતમંદ બંધુઓને શક્ય તેટલી સહાય આપવામાં આવે છે. આપણો સમાજ ઉત્સવપ્રિય, પ્રગતિશીલ, પ્રમાણમાં સુખી સમાજમાં ગણના થાય છે. પરંતુ પાછલા કેટલાય સમયથી એવા પણ કિસ્સા ધ્યાનમાં આવ્યા કે એવા પણ કમનસીબ બંધુઓ આપણા સમાજમાં છે કે, જેમના સીધી લીટીમાં કે નજીકના કોઇ સગા-સંબંધી ન હોવાને કારણે અને શારિરીક-માનસિક અસ્થિરતાને કારણે આવા વંચિત, પિડીત, લાચાર સમાજબંધઆુને ત્રણ ટંકના ભોજનની પણ સમસ્યા છે. 'અન્નપુર્ણા' યોજના હેઠળ આવા સમાજબંધુઓ માટે માસિક ટીફીન યોજના અંતર્ગત એક માસની રાશનકીટ અથવા તૈયાર ટીફીન માટે મહાસભા તરફથી રૂા. ૧૫૦૦/- પ્રતિ વ્યક્તિ/ પ્રતિ માસ અપાય તેવી વ્યવસ્થા કરવામાં આવી. આ યોજના અંતર્ગત સમાજ પ્રેમી- દિલેર દાતાશ્રી સમાજબંધુ આવા અતિ જરૂરીયાતમંદ પરિવારને 'દત્તક' લઇ એક મહિનાના રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી આપણા સમાજના એક સમાજબંધુની આંતરડી ઠારી શકવાનું પુણ્ય કમાઇ શકે છે. આમેય આપણા શાસ્ત્રોમાં ભૂખ્યાને ભોજન એટલે કે અન્નદાનને શ્રેષ્ઠદાન કહેવામાં આવેલ છે. વર્તમાન સમયના સર્વે મુજબ જ ૨૦ થી ૩૦ સમાજબંધુઓના આવેદન પત્ર 'અન્નપુર્ણા' યોજના માટે આવેલ છે.

આજરોજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ પણ આ પુણ્યદાયી પવિત્ર મહાયજ્ઞમાં જોડાઇ, માત્ર પ્રતિ માસ રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી, આપણા જ પીડીત-વંચિત સમાજબંધુને સ્વમાનભેર જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ બનીએ. આવા પીડીત-વંચિત-લાચાર સમાજબંધુ કમ સે કમ ત્રણ ટંક ભોજન માટે કોઇના પણ ઓશિયાળા ન રહે તે જોવાની પવિત્ર ફરજ આપણા જેવા સુખી-સંપન્ન પરિવારની પણ બની રહે છે. મને આશા જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે આપણા સમાજના દિલેર દાતાશ્રીઓ 'અન્નપુર્ણા' યોજનાના માધ્યમથી... ''ભગવાન ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સુવાડે તો નહીં.'' ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરીએ... અસ્તુ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (પ્રભારી - 'અન્નપુર્ણા')

**(બિલાસપુર અધિવેશન દરમ્યાન નોંધાયેલ અન્નદાન)**

**અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી... (પ્રતિ લાભાર્થી રૂા. ૧૦૦૦ પ્રતિમાસ)**

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) જયપુર (બે લાભાર્થીનું એક વર્ષ સુધીનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી નટવરલાલ હીરાલાલભાઇ ચૌહાણ - નાસિકરોડ (બિટકો) (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર - નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી રામ ભરોસે હા. વિનોદભાઇ ખોડિયાર - અંજાર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા - વડોદરા-નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિલીપભાઇ દયારામભાઇ ચૌહાણ - ચંદ્રપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી રવિન્દ્રભાઇ ટાંક - કોરબા (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ - વિશાખાપટ્ટનમ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - બિલાસપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) (અપૂર્ણ) |

વિનંતી : ઉપરોક્ત અન્નદાતાશ્રીઓને વિનમ્ર વિનંતી કે આપશ્રીનો સહયોગ 'અન્નપુર્ણા' ટાઇટલમાં જણાવેલ પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી ફોન દ્વારા સૂચિત કરવા વિનંતી. આ એક અતિ આવશ્યક યોજનામાં અન્ય સેવાભાવી સમાજપ્રેમીબંધુઓને જોડાવા પ્રેરીત કરવા વિનંતી...



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભા મેરેજ બ્યુરો સમિતિ

પ્રભારી : શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી – ભુજ

મૈરેજ બ્યૂરો સમિતિ

# પ્રથમ ડેસ્ટીનેશન શુભ મંગળ પરિચય મિલન-ગાંધીનગર (ગુજરાત)

મહાસભા મેરેજ બ્યુરો સમિતિ દ્વારા સત્ર ૨૦૨૪-૨૬નું પ્રથમ ડેસ્ટીનેશન શુભ મંગળ પરિચય મિલનનું સફળતા સાથે તા. ૪-૫ મે ૨૦૨૪નાં ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યુ હતું. સમાજરત્ન આદ. શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, મહાસભા કાર્યકારી પ્રમુખશ્રી આદ. ડો.મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, મહાસભા સલાહકાર પ્રમુખશ્રી આદ.પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર, વરિષ્ઠ મહાસભા ઉપપ્રમુખશ્રી આદ. વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા, ઉપપ્રમુખશ્રીઓં - સર્વશ્રી વિનોદભાઈ ચૌહાણ, ભોગીલાલભાઈ ચાવડા, દીપકભાઈ ચૌહાણ, મહાસભા મહામંત્રીશ્રી વિનોદભાઈ પઢિયાર, મહાસભા કોષાધ્યક્ષશ્રી હિતેશભાઈ વરૂ, મહાસભા મેરેજ બ્યુરો સમિતિ પ્રભારી શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી, મહાસભા લક્ષ્ય સમિતિ પ્રભારીશ્રી પરેશભાઈ ચૌહાણ, ગુજરાત પ્રાદેશિક સમિતિ પ્રમુખશ્રી રસિકભાઈ ચૌહાણ, અમદાવાદ ઘટક પ્રમુખશ્રી દયારામભાઈ જેઠવા દ્વારા દીપ પ્રજવલ્લન સાથે આ પરિણામલક્ષી મહતિ સામાજીક આયોજનનું શુભારંભ કરવામાં આવ્યુ હતું.



શાંત, નૈસર્ગિક તથા પ્રાકૃતિક ઉર્જાથી ભરપુર એવા પ્રેક્ષાધ્યાન યોગ સંકુલમાં આયોજીત આ સગપણ સમ્મેલન માટે દેશ-વિદેશથી અનેકો હોનહાર તથા યોગ્ય પાત્રોંએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ૫૦+૫૦ દિકરા-દિકરીઓંનાં રજીસ્ટ્રેશનનું લક્ષ્ય રાખ્યુ હતું જેમાં લગભગ ૯૬ પાત્રોંએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આટલી ગર્મી હોવા છતા ઉલ્લેખનીય સંખ્યામાં પાત્રોં તથા વાલીયોંએ ઉપસ્થિતિ આપી હતી.

મેરેજ બ્યુરો પ્રભારી શ્રીમતી અમિતબેન સોલંકીનાં પ્રભારી સ્થાને આયોજીત આ વિરાટ સગપણલક્ષી સમ્મેલનમાં મંચ સંચાલન તથા ઍંકરીંગમાં અ.ભા.મહિલા મંડલ મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ, મેરેજ બ્યુરો સહપ્રભારી શ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલ, મીડિયા પ્રભારી શ્રી હિતેશભાઈ ભોગીલાલભાઈ ચૌહાણ, ઍંકરીંગ પ્રભારી શ્રી પ્રકાશભાઈ રાઠૌડ, એન્કર્સ-શ્રીમતી અવનીબેન જેઠવા, કુ.જાનકીબેન ચૌહાણ, શ્રીમતી યુક્તિબેન ટાંક દ્વારા બહુજ સારી રીતે પ્રસ્તુતી તથા મંચ સંચાલન કરી સહયોગ આપવામાં આવ્યુ મ મેરેજ બ્યુરો સમિતિ વરિષ્ઠ સલાહકાર શ્રી દયારામભાઈ ટાંક, સલાહકાર શ્રીમતી પુષ્પાબેન ટાંક દ્વારા પણ પોતાની મહતિ સહભાગિતા આપી હતી.

પાત્રોંએ મંચ પર પોતાનું પરિચય તથા પોતાની ઉલ્લેખનીય ઉપલબ્ધિયોંને સહુ સમક્ષ સરસ રીતે પ્રસ્તુતી આપી હતી. સમસ્ત પાત્રોંને એક સરસ બહુમુખી તથા સહજ પ્લેટફોર્મ મેરેજ બ્યુરો સમિતિ દ્વારા આપવામાં આવ્યો હતો જેનો લાભ દરેક પાત્ર દ્વારા સારી રીતે લેવામાં આવ્યો મ એક બીજા સાથે પરિચય તથા સહજ સરલ થવા માટે એન્કર્સ દ્વારા વિભિન્ન ગેમ્સ, લગ્ન જીવન સમ્બંધીત ચર્ચાઓં તથા અપેક્ષાઓં વિશે એમના વિચારોં બતાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા મ ૪-૫ તારીખનાં ઉપલબ્ધ સમયનું ભરપુર




ઉપયોગ સાથે રાત્રે એમના મધ્યે ગીત-સંગીત-કરાઓકે-રાસ જેવા આયોજન પણ કરવામાં આવ્યા મ મેરેજ બ્યુરો સમિતિનાં અનુભવી મધ્યસ્થોં દ્વારા પાત્રોં મધ્યે ચર્ચા તથા સકારાત્મક પરિચય હેતુ સરલ તથા સહજ વાતાવરણ ઉપલબ્ધ કરાવામાં આવ્યું હતું. મંચ પરિચય દરમ્યાન પાત્રોં તથા વાલીયોં દ્વારા આ આયોજન બદલ પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી તથા સંપૂર્ણ મેરેજ બ્યુરો ટીમનેં સાધુવાદ આપયો હતો.

મહાસભા કાર્યકારી પ્રમુખશ્રી ડો.મનોજભાઈ સોલંકી દ્વારા સારગર્ભિત તથા સાર્થક મોટીવેશનલ ઉદબોધન પાત્રોં તથા વાલીયોંનેં આપવામાં આવ્યું હતું. સમાજરત્નશ્રી વિનોદભાઈ સોલંકી દ્વારા સમાજબાંધવોનેં મહતિ સંબોધન આપવામાં આવ્યું હતું. મહાસભા સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઈ પરમાર તથા અન્ય અતિથિઓં દ્વારા પણ સગપણ વિશે સરસ સલાહ તથા સંબોધન આપવામાં આવ્યુ હતું. આ આયોજનનાં માનવંતા દાનદાતા યથા- શ્રી ભોગીલાલભાઈ દેવશીભાઈ ચાવડા પરિવાર (મુંદ્રા) રૂા. ૧,૫૧,૦૦૦/, સમાજ રત્નશ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર (માધાપર) રૂ. ૫૧,૦૦૦, મહાસભા કાર્યકારી પ્રમુખશ્રી ડો.મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર (માધાપર) રૂ. ૫૧,૦૦૦/, મહાસભા ઉપપ્રમુખશ્રી સુનિલભાઈ વિશ્રામભાઈ ચાવડા પરિવાર



(હૈદરાબાદ) રૂ. ૫૧,૦૦૦/, એક સમાજ પ્રેમી પરિવાર (રાયપુર) રૂ. ૫૧,૦૦૦/, નારી રત્ન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઈ જેઠવા પરિવાર (અંજાર) રૂ. ૨૫,૦૦૦/, શ્રી વિપીનભાઈ દેવરામભાઈ રાઠોડ (બેંગલુરૂ) રૂ. ૨૫,૦૦૦/, શ્રી સુભાષભાઈ રતિલાલભાઈ ચાવડા પરિવાર (વડોદરા) રૂ. ૨૫,૦૦૦, મહાસભા સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર પરિવાર (રાજનાંદગાંવ) રૂ.૧૧,૦૦૦/ તથા મહાસભા કોષાધ્યક્ષશ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ પરિવાર (રાયપુર) રૂ.૧૧,૦૦૦/ની મહતિ સહાય બદલ એમનું સમ્માન સાથે આભાર પ્રકટ કરવામાં આવ્યુ, એમનું આ આર્થિક સહાય સદૈવ અભિનંદન યોગ્ય છે.

ટીમ મહાસભા, મેરેજ બ્યુરો સમિતિની સમગ્ર ટીમ (સંયોજક પ્રમુખશ્રી તથા મહાસભા મંત્રી શ્રી સુરેશભાઈ ચૌહાણ, સમસ્ત સંયોજકગણો, સંપર્ક સારથીઓં, સમસ્ત ઘટકો), ગુજરાત પ્રાદેશિક પ્રમુખશ્રી રસિકભાઈ ચૌહાણ, મહાસભા સ્કીલ ડેવલપમેંટ પ્રભારી શ્રી દીપકભાઈ ચૌહાણનાં કુશલ નિર્દેશનમાં એમની ટીમ, અમદાવાદ ઘટક પ્રમુખશ્રી દયારામભાઈ જેઠવા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ટાંક, યુવા મંડળ પ્રમુખશ્રી યશ્વિનભાઈ ચૌહાણ તથા એમની સમગ્ર ટીમનાં અગાથ પરિશ્રમ, સહભાગિતા તથા સંયોજન સાથે એક અત્યંત સકારાત્મક વાતાવરણમાં આ સગપણ લક્ષી, પરિણામ લક્ષી વૃહદ પ્રથમ ડેસ્ટિનેશન શુભ મંગળ પરિચય મિલન સમ્મેલન ઉત્સાહ-ઉમંગ અને સફળતા સાથે સંપન્ન થયું હતું. સ્વાદિષ્ટ ભોજન-વ્યવસ્થિત વ્યવસ્થા-આયોજકોનું આતિથ્યભાવ માણી પાત્રો-વાલીયોં-સમાજબાંધવોં સંતુષ્ટી અને ખુશી સાથે વિદા થયા હતા. સર્વે પાત્રોંનેં એમના મનગમતા યોગ્ય જીવનસાથી મળે એવી હાર્દિક શુભેચ્છાઓં. જય સમાજ

શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી - પ્રભારી-મેરેજ બ્યુરો સમિતિ

# યુવા મંચ




પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 80071696





વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક
૮૦, બિલેશ્વરનગર,
અંજાર (કચ્છ) મો. 8128948884


## કચ્છ પ્રા. યુવા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના યુવાઓ ''રાષ્ટ્ર સર્વોપરી''ના ભાવને સાર્થક કરતા શ્રી કચ્છ પ્રાદેશિક યુવા મંડળ દ્વારા આયોજીત યુવા ઉત્કર્ષ સમિતિ સહકારીત, સૂર્યા ફાઉન્ડેશન નવી દિલ્લી સંચાલિત યુવાઓના સર્વાંગીણ વિકાસ માટે ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧૦ દિવસીય આવાસીય વ્યક્તિત્વ વિકાસ શિબિરનું ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન થયું.

સમાજના નવયુવાનો ભારતની પ્રાચિનતમ સંસ્કૃતિ અને સંસ્કારોના સારથી બની ધીર, વીર, ઉત્તમ ચારિત્રવાન, પ્રતિભાશાળી, નિડર અને સેવા સદ્‌ભાવોથી યુક્ત સદાચારી બને અને આવા યુવા ભાઇ-બહેનો નૈતિક માનવ મુલ્યોથી ભરપુર બની પોતાનો ભૌતિક અને દૈવીય સર્વાંગીણ વિકાસ કરી ધરતીના કોઇપણ છેડે જઇ વસે અને ત્યાં પણ પોતાના માનવતાપૂર્ણ આચરણ અને કાર્ય વ્યવહારથી પોતાનું, પોતાના પરિવારનું અને સમાજની સાથે ભારત ભૂમિનું નામ રોશન કરે તેવી અભિલાષા અને ઉદ્દેશને ધ્યાનમાં રાખીને કચ્છ પ્રાદેશિક યુવા મંડળ દ્વારા આયોજીત, યુવા ઉત્કર્ષ સમિતિ સહકારીત, સુર્યા ફાઉન્ડેશન નવી દિલ્હી સંચાલિત યુવાઓના સર્વાંગીણ વિકાસ માટે ૧૦ દિવસીય વ્યક્તિત્વ વિકાસ શિબિરનું ભવ્ય આયોજન દિનાંક ૯ થી ૧૯ મે સુધી કરવામાં આવેલ. આ શિબિરનું ઉદ્‌ઘાટન સમારોહ શ્રી ગોવર્ધન પર્વત, અંજારના પવિત્ર પ્રાંગણમાં કરવામાં આવ્યો. આ અવસરે મુખ્ય અતિથિ તરીકે મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, સુર્યા રોશની લી.ના સીઇઓ શ્રી અવનિશ ત્રિપાઠીજી, મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી કુંવરજીભાઇ ટાંક, કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુલાલભાઇ ચૌહાણ, કચ્છ પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી જયભારત જેઠવા અને મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણની ઉપસ્થિતિ અને સર્વે દાતાશ્રી, સમાજના અગ્રણીઓની ગરીમામયી ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન થયો. શિબિરમાં સમાજના ૨૦ ઘટકોમાંથી કુલ ૧૫૦ દીકરા-દીકરીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હતું.શિબિર અંતર્ગત બાળકોના વિકાસને ધ્યાનમાં રાખીને તેમના બૌદ્ધિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક, વ્યવહારીક વિકાસ માટે અલગ-અલગ પ્રકારનું પ્રશિક્ષણ આપવામાં આવશે. દિલ્હી સ્થિત દેશની સુપ્રસિદ્ધ સામાજીક સંસ્થા સુર્યા ફાઉન્ડેશન આ શિબિરનું સંચાલન કરશે. વ્યક્તિત્વ વિકાસ શિબિર એક એવું શિબિર અથવા શિક્ષણ જેનાથી વ્યક્તિનું વિકાસ થાય. પરંતુ આ શિક્ષણનું આધાર શું હોવું જોઇએ ? જેનાથી પ્રભાવી વ્યક્તિત્વ બનાવી શકાય. અતઃ પહેલા વ્યક્તિત્વ પર ઉંડાણપૂર્વક ચિંતન કરવાની આવશ્યકતા છે. વ્યક્તિના પાંચ આયામ છે (૧) શારીરિક (૨) માનસિક/બૌધિક (૩) નૈતિક (૪) વ્યવહારીક (૫) આધ્યાત્મિક. આ પાંચ આયામોથી મળી પૂર્ણ વ્યક્તિત્વ બને છે. વ્યક્તિત્વ વિકાસ શિબિરમાં આ પાંચ આયામોનું સંતુલિત માત્રામાં લાભ શિબિરાર્થીને મળે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ''આજ કે બચ્ચે કલ કા ભારત'' બધા જ માતા પિતા પોતાના બાળકોના ભવિષ્યને લઇને ખુબજ સજાગ રહેતા હોય છે. તે માટે એમના સારા સ્વાસ્થ્ય, સારી શિક્ષા, સારા સંસ્કાર, વ્યવહાર, સામાજીક જીવન અને આવા અવસર માટે અડીખમ પ્રયાસરત રહેતા હોય છે. આજકાલની ભાગદોડવાળી જીંદગીમાં બાળકોના ઓલરાઉન્ડ ડેવલપમેન્ટ માટે અભિભાવક ઇચ્છુક રહેતા હોય છે. તેને સાકાર કરવા માટે શ્રી કચ્છ પ્રાદેશિક યુવા મંડળ દ્વારા આ શિબિરમાં બાળકોના વિકાસ માટે ૧૦ દિવસ દરમ્યાન અનેક ગતવિધિ કરવામાં આવશે.

આ અવસરે શ્રી કચ્છ પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી જય ભારતભાઇએ સર્વે અતિથિઓ, શિબિરાર્થીઓ, સર્વે અગ્રણીઓનું સ્વાગત કરતા શિબિરનું ઉદ્દેશ સમજાવ્યું. આવનારી પેઢી સંસ્કારોથી યુક્ત બને એમના અંદર રાષ્ટ્રપ્રેમ જાગે અને બાળકોનું સર્વાંગીણ

વિકાસ (માનસિક, આધ્યાત્મિક, બૌદ્ધિક, શારીરિક, નૈતિક વિકાસ) થાય તે માટે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી અવનિશ ત્રિપાઠીજીએ ટ્રેનિંગનું મહત્વ સમજાવ્યું. શ્રી ત્રિકમદાસજી મહારાજે બાળકોને આશીર્વાદ આપતા કહ્યું કે આ પવિત્ર કાર્ય જે અમને કરવાનું હોય એ આજના યુવા અને શ્રી કચ્છ પ્રાદેશિક યુવા મંડળના યુવાઓ કરી રહ્યા છે ત્યારે ખુબજ ખુશીની લાગણી વ્યક્ત કરી અને શિબિરની સફળતા માટે અનેક શુભકામનાઓ પાઠવી હતી. સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીજીએ કહ્યું કે, આવા સંસ્કારોનું સિંચન અને સંસ્કૃતિ અને દેશ પ્રેમથી ભરેલા કાર્યો માટે હું તન, મન, ધનથી સમર્પિત છું. કચ્છ પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી જયભારત જેઠવાના જણાવ્યા મુજબ આ શિબિરને સફળ બનાવવા માટે સમગ્ર સમાજ આગળ આવીને ફુલ નહિં તો ફુલની પાંખડી સ્વરૂપ તન, મન, ધનથી સમર્પિત ભાવ સાથે યોગદાન આપ્યું છે ત્યારે નિશ્ચિત રૂપે આવનારી પેઢીને ઉજ્જવળ ભવિષ્ય આપવામાં સમાજનું આ પગલું ખુબજ સરાહનીય સિદ્ધ થશે. જય ભારતના જણાવ્યા મુજબ આ શિબિરના માધ્યમથી સમાજના દિકરા-દિકરીઓની અંદર સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન કરી તેમને યુવા અવસ્થામાં પહોંચતા પહેલા જ જડથી મજબૂતી પ્રદાન કરવાનું કાર્ય કરવામાં આવશે તેવો વિશ્વાસ સમગ્ર સમાજને અપાવ્યો અને આ શિબિરને સફળ બનાવવા માટે તન, મન, ધનથી યોગદાન આપનાર સર્વે દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## છત્તિસગઢ પ્રા. યુવા મંડળ

છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ દ્વારા શ્રી હનુમાન જન્મોત્સવ પાવન પર્વે સમગ્ર છત્તીસગઢના યુવા મંડળો તેમજ સર્વે સમાજબાંધવોને શ્રી હનુમાન જન્મોત્સવ ઉજવવાનું આહવાન કર્યું હતું. આહવાન રૂપે સર્વે યુવા મંડળોને તેમના ઘટક, નિવાસ અને કોઇપણ મંદિરમાં શ્રી હનુમાન ચાલિસા પાઠ અથવા શ્રી સુંદરકાંડ પાઠ કરવાનું નિવેદન કરેલ અને વિડિયો, ફોટો બનાવી સંબંધિત સમિતિને વોટ્સએપ કરવામાં આવ્યું. લગભગ ૭૯ વિડિયો, ફોટોનું સહયોગ આવ્યું.

આ સમગ્ર આયોજન છત્તીસગઢ પ્રાદેશિક યુવાઅ મંડળની ધર્મ જાગરણ સમિતિ દ્વારા આયોજીત કરવામાં આવેલ. સમિતિના પ્રભારી શ્રી ધવલ ખુશાલભાઇ ચાવડા, ડોંગરગઢ અને શ્રી કૌશિક શિવકુમારભાઇ પરમાર, રાયપુર દ્વારા સમગ્ર આયોજનની રૂપરેખા બનાવી અને સર્વે યુવા મંડળ દ્વારા આયોજન સંપન્ન થાય એ સુનિશ્ચિત કરી આયોજનને સફળ બનાવ્યું સાથે આયોજનમાં સહભાગીતા આપનાર સર્વે યુવા મંડળ, સભ્યો સર્વેનું છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળે આભાર માનેલ. સહભાગીતા આપનાર ઘટકોમાં રાજનાંદગાંવ, ડોંગરગઢ, કુમ્હારી, દુર્ગ, રાયપુર, ભાટાપારા, બિલાસપુર, રાયગઢ, મહાસમુંદ, જગદલપુર, કોરબા આદી સમાજબાંધવોનું સાથ-સહકાર મળેલ. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા પ્રમુખ શ્રી ચંદ્રેશ દેવેન્દ્રભાઇ ટાંક, રાયગઢ સર્વેનું આભાર માનેલ.

## આદિપુર યુવા મંડળ




આદિપુર યુવા મંડળ દ્વારા તા. ૨૧-૦૪-૨૦૨૪, રવિવારના રોજ ફેમીલી નાઇટ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘટકના નાના-મોટા સર્વે સમાજબંધુઓએ ભાગ લીધો હતો. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ સમાજના દરેક ઉંમરના લોકો સાથે લાવવાનો હતો. આ આયોજનમાં ૬૪ જેટલા ખેલાડીઓએ ૮ ટીમાં ભાગ લીધો હતો. જેમાંથી 'કેપીટલ' ટીમ ટુર્નામેન્ટમાં જીત નોંધાવી હતી. આ સાથે દરેક મેચ માટે પ્લેયર ઓફ ધી મેચ અને ટુર્નામેન્ટ માટે મેલ - પ્લેયર ઓફ ધી ટુર્નામેન્ટ ધ્રુવ ચાવડા, પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ ફીમેલ - ગુંજન વાઘેલા અને પ્લેયર ઓય ધ ટુર્નામેન્ટ જુનીયર - કુશ ગોહિલને પણ એવોર્ડ આપવામાં આવ્યા હતા.

આ આયોજનને સફળ બનાવવા માટે યુવા મંડળ માંથી ચેતન ચૌહાણ, ચિંતન વાઢેર, મિલન ચાવા, જીગર ગોહિલ, જતિન ચૌહાણ, નીતીન ટાંક, નિલેશ પરમાર, ભાવિક ટાંક, તીર્થ રાઠોડ, ખુશાલ રાઠોડ અને હિતેશ ચૌહાણ સહિત અન્ય યુવા મિત્રોએ યોગદાન આપ્યું હતું. આ સાથે ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન ટાંકનો સાથ-સહકાર મળેલ હતો.

# સમાજ ગૌરવ



બેંગ્લોર રહેવાસી શ્રી પુનિતભાઇ ચૌહાણ અને શ્રીમતી વિધિબેન ચૌહાણની સુપુત્રી કુમારી પ્રિયાંશી ચૌહાણ આઇ.સી.એસ.ઇ. બોર્ડમાં ૧૦મીમાં ૯૮.૨% અને જુનિયર પી.યુ. કોલેજ ૧૧મીમાં ૯૮.૫% મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિની શુભકામના....



બેંગ્લોર નિવાસી શ્રી વિનયભાઇ ચાવડા અને મમતાબેન ચાવડાના સુપુત્ર ચિ. ઉત્કર્ષ ચાવડાએ ધોરણ ૧૨ સી.બી.એસ.ઇ. બોર્ડના હ્યુમીનીટી સ્ટ્રીમમાં ૯૬.૪% મેળવી પરિવાર અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... અને ઉપરોત્તર પ્રગતિની શુભેચ્છા...



જબલપુર નિવાસી શ્રીમતી ભાવિકાબેન હેતુલભાઇ જેઠવાએ એમ.એ. એચ.આર. કોર્ષમાં ૭૭% માર્કસ સાથે ઉત્તિર્ણ થઇ ગોલ્ડમેડલ મેળવેલ છે. તેમની આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની શુભકામના....



અમદાવાદ ઘટકના સભ્ય રચના ગ્રુપના પ્રોફેસર ડૉ. સુભાષચંદ્ર પુરૂષોત્તમભાઇ રાઠોડ સ્કુલ ઓફ લૉ ગુજરાત યુનિવર્સિટીના ડાયરેક્ટર તરીકે નિમણુંક પામેલ છે. તેઓશ્રી સેન્ટર ઓફ એક્સેલન્સ, સ્કુલ ઓફ લૉ ગુજરાત યુનિ. અમદાવાદના કૉ-ઓર્ડિનેટર તરીકે પણ કાર્યરત છે. તેઓ અમદાવાદ ઘટકના ટ્રસ્ટી પણ રહી ચૂક્યા છે.તેઓ સમાજના કોઇપણ વિદ્યાર્થીને ઉપરોક્ત વિષયમાં માર્ગદર્શન પુરૂં પાડવા માટે તત્પર રહે છે. ઉચ્ચ વિચાર અને મિલનસાર સ્વભાવ ધરાવતા પ્રો.ડૉ. સુભાષભાઇ માટે સર્વે રચના ગ્રુપના સભ્યો ખુબજ ગૌરવની લાગણી અનુભવે છે અને તેમને ઉતરોત્તર પ્રગતિ માટે શુભકામના પાઠવે છે.



ભિલાઇ (રેહા) નિવાસી શ્રી ગૌરવભાઇ પરમાર અને રૂચીબેન પરમારની સુપુત્રી કુ. કેયા પરમારે થર્ડ ઓલ ઇન્ડીયા લેથી સ્પોર્ટસ-દુર્ગ - ૨૦૨૪માં અન્ડર ૧૦ વર્ષમાં ૩૨ કેજીએસ બંને કેટેગરીમાં પ્રથમ અને ડેમોસ્ટ્રેશનમાં ગોલ્ડ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ બદલ અભિનંદન ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના.



ભિલાઇ (રેહા) નિવાસી શ્રી અશ્વિનભાઇ ચૌહાણ અને દિવ્યાબેન ચૌહાણ ના સુપુત્ર ચિ. સૌમ્ય ચૌહાણે ઇન્ટરનેશનલ ડ્રોઇંગ એન્ડ પેન્ટીંગ સ્પર્ધામાં ગુરૂગ્રામ મધ્યે ગોલ્ડ મેડલ મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના....



ભિલાઇ (કુકમા) નિવાસી શ્રી દિપકભાઇ પરમાર અને વિણાબેન પરમારના સુપુત્ર ચિ. રિયાંશ પરમારે થર્ડ ઓલ ઇન્ડીયા લાથી સ્પોર્ટ-૨૦૨૪ દુર્ગમાં અન્ડર-૧૪માં ૫૦ કેજીએસ બંને કેટેગરીમાં પ્રથમ અને ડેમોસ્ટ્રેશનમાં બ્રોન્ઝ તૃતિય સ્થાન મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના..



ભિલાઇ (કુકમા) નિવાસી શ્રી સુરજભાઇ અને શિતલબેન પરમારના સુપુત્ર ચિ. ભવ્ય પરમારે થર્ડ ઓલ ઇન્ડીયા લાથી સ્પોર્ટ-૨૦૨૪ દુર્ગમાં અન્ડર-૧૪માં ૫૦ કેજીએસ બંને કેટેગરીમાં પ્રથમ મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના....



ગુલબર્ગા (અંજાર) નિવાસી પ્રફુલભાઇ ચાવડાના પત્ની શ્રીમતી જયશ્રીબેને રોટરી કલબ દ્વારા મીસીસ ગુલબર્ગા પ્રતિયોગીતામાં ચોથો ક્રમાંક હાંસીલ કરી પરિવાર અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧| || || શ્રી ચામુંડા માતાય નમઃ ||

## દેવળીયા સ્થાનકવાસી વરૂ ગોઠી પરિવાર જોગ જાહેર અપીલ

આથી દેવળીયા સ્થાનકવાસી વરૂ ગોઠી પરિવારને નમ્ર નિવેદન કે દેવળીયા મધ્યે આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજીનું સ્થાનક આવેલ છે જે ભુકંપ પહેલાનું અતિ જર્જરીત હોઇ ગોઠી ભાઇઓની મીટીંગ બોલાવી માતાજીનું મંદિર નવું બનાવવાનું તથા આનુસાંગિક સુવિધાઓ કરાવવાનું નક્કી કરવામાં આવેલ છે તથા આ કામ મે-૨૦૨૪થી શરૂ થયેલ છે. જે માટે અંદાજીત રૂા. ૧૫ લાખ જેટલો ખર્ચ થનાર છે જેથી કચ્છ બહાર વસતા ગોઠી ભાઇઓને યથા યોગ્ય આર્થિક સહયોગ કરવા અપીલ કરવામાં આવે છે તથા આ ફંડફાળાની રકમ ઓનલાઇન પણ નીચે જણાવેલ બેન્ક ખાતામાં મોકલી આપવા નમ્ર વિનંતી છે.

બેંકનું નામ : બેન્ક ઓફ બરોડા - માધાપર શાખા,
તા. ભુજ (કચ્છ)

ખાતેદારનું નામ : DHARMESH MANOJKUMAR VARU

ખાતા નંબર : 09460100004879

IFSC કોડ : BARB0MADHAP

MICR કોડ : 370012053

-: વધુ જાણકારી માટે સંપર્ક કરો :-

શ્રી છોટાલાલ નાનાલાલ વરૂ - માધાપર - ૯૭૧૨૫૬૨૯૦૬

શ્રી મહેન્દ્રભાઇ વલમજી વરૂ - માધાપર - ૯૪૨૮૮૧૮૯૨૫

## જાહેર વિજ્ઞપ્તી


શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ' આપણા સમાજના ૧૨૩ ઘટકના સમાજબંધુઓ સુધી પહોંચે તે માટે દર માસે ૨ (બે) તારીખે નિયમીત રીતે પોસ્ટ કરવામાં આવે છે. પરંતુ કોઇપણ કારણસર અંદાજીત ૧૦૦ જેવા અંકો કાર્યાલયને પોસ્ટ દ્વારા પરત મળી રહ્યા છે. આ અંકોનું કમ્પોઝીંગ અને પ્રિન્ટીંગ ખર્ચ એળે જઇ રહ્યું છે. અગાઉ મહાસભાની મીટીંગોમાં પણ સેતુ સમાજ સંદેશના તોટાળાને સરભર કરવા હાર્ડકોપીનો આગ્રહ ન રાખીને એપ દ્વારા ઓનલાઇન સેતુ સમાજ સંદેશ જો વાંચી શકાતું હોય તો આવા ખર્ચાઓમાંથી આપણે બચી શકીએ તેમ છીએ. દર માસે પરત આવતા સેતુ સમાજ સંદેશના ગ્રાહકોને હજુ પણ બેથી ત્રણ અંક મોકલવામાં આવશે તેમ છતાં પણ અંકો પરત આવશે તો તેને સેતુ સમાજ સંદેશનો અંક મોકલવાનો બંધ કરવામાં આવશે. સેતુ સમાજ સંદેશના પ્રિન્ટીંગના ભાવોમાં તોતિંગ વધારો થયેલ હોવાથી મુખપત્ર નો તોટાળો પુરો કરી શકાય તેમ નથી, આના ઉકેલ માટે જો કોઇ સમાજબંધુ ઓનલાઇન સેતુ સમાજ સંદેશનો ઉપયોગ કરે અને હાર્ડકોપી જતી કરે તો નકલ ઓછી થવાના કારણે મુખપત્રના તોટાળાને સરાસર કરી શકાય તેમ છે. આવી સામાજીકતાની ભાવનાને ધ્યાને લઇ જો આપશ્રી આપની હાર્ડકોપી ન ઇચ્છતા હો તો પણ અમને મેસેજ કરીને જણાવશો તો અમે આપશ્રીને કોપી મોકલવાનું બંધ કરીને મુખપત્રને આર્થિક રીતે મદદરૂપ થયા છો તેવું આભાર સહ જાહેર કરવામાં આવશે. જય સમાજ...

| | |
|---|---|
| **સંજય એલ. પરમાર** | **હિતેશ બી. ચૌહાણ** |
| **અધ્યક્ષશ્રી - ૯૪૨૯૦૦૭૪૪૫** | **મે.તંત્રી - ૯૯૦૯૦૬૯૦૫૭** |

# 'ખુરશી'



તૂં તો કમાલની ઉપયોગી છે.
જીવનમાં તારૂં મહત્વ ખુબજ છે.
બધાને તૂં મદદરૂપ થાય,
મદદ કરવા કાયમ ઉભી જ હોય.
તને જોઇને મન લલચાય,
પછી તો નીચે ના જ બેસાય.
તારા ઉપર બેસીને આનંદ થાય,
તારાથી બધાના મનને સંતોષ થાય.
દર્દી માટે વ્હીલચેરનું રૂપ બનાવ્યું,
તેમને વગર તકલીફે યોગ્ય જગ્યાએ પહોંચાડ્યું.
જન્મ દિવસ કે લગ્ન સમારંભથી,
લઇને બેસણાંમાં પણ જરૂરત છે તારી.
ઘર, સમાજ, દેશ-વિદેશમં પણ તારી,
હાજરી વગર નકામું છે વર.
તને મેળવવા નેતાઓ મહેનત કરે છે ઘણી,
જેને તું મળી જાય તે આનંદથી થાય છે ઘણી.
ગુલાલ ઉડાળીને જલસો કરે છે વરી,
પાંચ વર્ષ ખુરશીમાં બેસી, દેશની સેવા કરે છે ઘણી.
જ્યારે રાજદરબાર ભરાય છે,
ત્યારે એકથી એક સુંદર સિંહાસન દેખાય છે.
સિંહાસન એ તારૂં જ ભવ્ય રૂપ છે,
તારા વિના રાજદરબારની શોભા નકામી છે.
સ્કુલમાં છાત્ર તારા ઉપર બેસીને ભણે,
ભણી-ગણીને દેશનું નામ રોશન કરે.
તું તો ગુણોની ખાણ છે,
તારા વગર મનુષ્ય બેહાલ છે.
તારા વગર મનુષ્ય બેહાલ છે.



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**



ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા
મુકામે યોજાયેલ ૭૨માં પદવીદાન સમારંભમાં

## કુ. પુર્વા વિનોદભાઈ ગોહિલ

ને મળેલ ગોલ્ડ મેડલ.




# અભિનંદન



'દીકરી બે કુળ તારે' ઉકિતને સાર્થક કરનાર મુળ કુકમા હાલે માધાપર નિવાસી કુ. પુર્વા વિનોદભાઈ ગોહિલ એમ.એસ. યુનિવર્સિટીમાં પાંચ વર્ષ અથાક પરિશ્રમ કરી પરફોર્મિગ આર્ટ ભરતનાટયમ ક્ષેત્રે વર્ષ ૨૦૨૨-૨૩ માં માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી. ભુજ તાલુકામાં ભરતનાટયમ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસક્મ બદલ ગોલ્ડ મેડલ મેળવનાર આ પ્રથમ યુવતી છે. કુલ ૩૪૫ દેશ-વિદેશના વિઘાર્થીઓ પૈકી કચ્છ તેમજ ગુજરાતને ગૌરવ અપાવવા બદલ શુભેચ્છા.

સૌથી ગૌરવની વાત તો એ છે કે કોમન એકટ બાદ પ્રથમવાર યોજાયેલ પદવીદાન સમારંભમાં ડાયસ પર રેન્કરોને સ્થાન અપાયું હતું. જેમાં ૩૪૫ વિઘાર્થી માંથી ફકત ૩૦ વિઘાર્થી પૈકી કચ્છની આ દીકરીને પણ સ્થાન મળ્યું હતું. તેમને ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલ તથા શિક્ષામંત્રી ઋષિકેશ પટેલના વરદ્ હસ્તે ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવ્યો છે. ઉપરોકત ગૌરવંતી સિધ્ધિ મેળવી કુટુંબ, સમાજ, ગામ તેમજ કચ્છ જીલ્લાનું નામ રોશન કરવા બદલ તેમને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.



### સ્નેહ શુભેચ્છક :–

(માતા-પિતા)
અ.સૌ. રક્ષાબેન વિનોદભાઈ ગોહિલ
(સાસુ-સસરા)
અ.સૌ. સુનિતાબેન હરીશભાઈ ચૌહાણ
(પતિ)
દિવ્યમ હરીશભાઈ ચૌહાણ
(દીયર)
કુ. આદિત્ય હરીશભાઈ ચૌહાણ
(બહેન)
ઋત્વા વિનોદ ગોહિલ, મિત્વા વિનોદ ગોહિલ



## CA Dhrub Khodiar

| | | |
|---|---|---|
| DOB | : | 25-12-1992 |
| Birth Time | : | 5.58 pm |
| Birth Place | : | Raniganj, West Bangal |
| Height | : | 5.7 Feet |
| Gotra | : | Atri |
| Native Place | : | Anjar |
| Kuldevi | : | Shri Khodiar Mataji |
| Education | : | Chartered Accountant, B.Com (Hons) |
| Occupation | : | Credit Manager at ICICI Bank, Durgapur |
| **Father** | **:** | **Sohanlal Khodiar** |
| Occupation | : | Tax Consultant, Advocate |
| **Mother** | **:** | **Mamta Khodiar** |
| **Dada** | **:** | **Lt. Premjibhai Jairam Khodiar** |
| **Dadi** | **:** | **Lt. Harikuwar Premji Khodiar** |
| **Sister** | **:** | **Shruti Khodiar** (CA Pursuing - CA Finalist) |
| **Nana** | **:** | **Hiralal Premji Jethwa** |
| **Nani** | **:** | **Ansuya Hiralal Jethwa** |
| **Mama** | **:** | **Vijaykumar Jethwa** Pandaveswar, West Bengal |
| **Contact Dt.** | **:** | **9932319936 (Father)** |
| Address | : | Bankura (West Bengal) |



## Shruti Khodiar

| | | |
|---|---|---|
| DOB | : | 15-09-1997 |
| Birth Time | : | 5.48 pm |
| Birth Place | : | Bankura, West Bangal |
| Height | : | 5.2 Feet |
| Gotra | : | Atri |
| Native Place | : | Anjar |
| Kuldevi | : | Shri Khodiar Mataji |
| Education | : | B.Com. (Hons), CA Pursuing (CA Finalist) |
| **Father** | **:** | **Sohanlal Khodiar** |
| Occupation | : | Tax Consultant, Advocate |
| **Mother** | **:** | **Mamta Khodiar** |
| **Dada** | **:** | **Lt. Premjibhai Jairam Khodiar** |
| **Dadi** | **:** | **Lt. Harikuwar Premji Khodiar** |
| **Brother** | **:** | **CA Dhrub Khodiar** (Unmarried) |
| **Nana** | **:** | **Hiralal Premji Jethwa** |
| **Nani** | **:** | **Ansuya Hiralal Jethwa** |
| **Mama** | **:** | **Vijaykumar Jethwa** Pandaveswar, West Bengal |
| **Contact Dt.** | **:** | **9932319936 (Father)** |
| Address | : | Bankura (West Bengal) |

॥ જય સિયારામ ॥

# ૧૪મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



# સ્વ. પુરૂષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકી

(પી.ડી. સોલંકી) ફાઉન્ડર : શ્રીરામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ

જન્મ તા. ૧૭-૭-૧૯૨૬, સ્વર્ગવાસ તા. ૩-૬-૨૦૧૦

**કર્મયોગી થઇ કુટુંબ સમાજમાં સતત ઝઝુમ્યા આપ, સેવાની સુવાસ મૂકીને સીંચ્યા અમ સંસ્કાર...**

## સ્વ. પુષ્પાબેન પુરૂષોત્તમભાઈ સોલંકી - પત્ની

| | | |
|---|---|---|
| સ્વ. મહેશભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | : | પુત્ર |
| 'સમાજરત્ન' વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | : | પુત્ર |
| મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | : | પુત્ર |
| ગં.સ્વ. નયનાબેન રમેશભાઈ ચૌહાણ | : | પુત્રી |
| મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી | : | પૌત્ર |
| દિપ્તીબેન દિપકકુમાર રાઠોડ | : | પૌત્રી |
| આરતીબેન નિરવકુમર ચાવડા | : | પૌત્રી |
| મૈત્રીબેન સુમિતકુમાર ખોડિયાર | : | પૌત્રી |
| જયદીપભાઈ મનોજભાઈ સોલંકી | : | પૌત્ર |
| જયમિતભાઈ મનોજભાઈ સોલંકી | : | પૌત્ર |
| જાનકીબેન રમેશભાઈ ચૌહાણ | : | દોહિત્રી |
| માહી દિપકકુમર રાઠોડ | : | પરપૌત્રી |

| | | |
|---|---|---|
| ગં.સ્વ. જ્યોતિબેન મહેશભાઈ સોલંકી | : | પુત્રવધુ |
| નીતાબેન વિનોદભાઈ સોલંકી | : | પુત્રવધુ |
| ઈન્દીરાબેન મનોજભાઈ સોલંકી | : | પુત્રવધુ |
| સ્વ. રમેશભાઈ ભવાનભાઈ ચૌહાણ | : | જમાઈ |
| ઋતુબેન મોહિતભાઈ સોલંકી | : | પૌત્રવધુ |
| દિપકકુમાર રશ્મીકાન્ત રાઠોડ | : | જમાઈ |
| નિરવકુમાર બંસીલાલભાઈ ચાવડા | : | જમાઈ |
| સુમિતકુમાર અનિલભાઈ ખોડિયાર | : | જમાઈ |
| નંદિનિબેન જયદીપભાઈ સોલંકી | : | જમાઈ |
| કુશાગ્રકુમાર નરેશભાઈ કપાસી | : | જમાઈ |
| રિદ્ધિ કુશાગ્રકુમાર કપાસી | : | દોહિત્રી |
| હિતેશ કુશાગ્રકુમાર કપાસી | : | પરદોહિત્ર |
| વિહાની મોહિતભાઈ સોલંકી | : | પરપૌત્રી |
| નિષ્કા નિરવકુમાર ચાવડા | : | પરપૌત્રી |

## શ્રીરામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - માધાપર (કચ્છ)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૮.૦૯.૧૯૬૦

મૃત્યુ
૧૩.૦૬.૨૦૨૩

## સ્વ. હેમરાજભાઈ લાલજીભાઈ ચૌહાણ (ઉ.વ.૬૪)

**મુળ ગામ : રેહા, હાલ મુકામ : રાયપુર (છ.ગ.)**

આપના સરલ સ્વભાવ, કુટુંબ સાથે પ્રેમ સૌના હૃદયમાં જીવીત રહેશે. આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા. હર દમ તમારા હોવાનો આભાસ રહ્યા કરે છે, ક્યારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદમાં સતત આપના દર્શન થયા કરે છે. દરેક કાર્યોમાં આપના આશીર્વાદનો અહેસાસ થયા કરે છે. પ્રભુ આપની આત્માને શાંતિ આપે એજ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**– અમારા પ્રેરણાશ્રોત દિવંગત માતા-પિતાને સાદર નમન –**

**સ્વ. હીરાગૌરીબેન – સ્વ. લાલજીભાઇ ચૌહાણ**

**– શ્રદ્ધાંવત –**

**ગં.સ્વ. ભારતીબેન હેમરાજભાઇ ચૌહાણ (પત્ની)**

| | | |
|---|---|---|
| સ્વ. વેલજીભાઈ લાલજીભાઈ ચૌહાણ (ભાઈ) | ખુશ્બુબેન જેઠી | (પુત્રી) |
| સ્વ. અનિલભાઈ લાલજીભાઈ ચૌહાણ (ભાઈ) | અ.સૌ. કોમલ-ઉપેન્દ્ર પ્રધાન | (પુત્રી-જમાઈ) |
| સ્વ. જયંતીભાઈ લાલજીભાઈ ચૌહાણ (ભાઈ) | અ.સૌ. વૈશાલી-સુશાંક ટાંક | (પુત્રી-જમાઈ) |
| નરેશભાઈ લાલજીભાઈ ચૌહાણ (ભાઈ) | કુ. ધાની, કુ. તનિષ્કા, રૂદ્ર, કુ. દક્ષિકા | (દોઇત્રી-દોઇત્ર) |

**ખુશ્બુ બાગ**
**ઝીંટ, પાટન (છ.ગ.)**

**ખુશ્બુ બાગ**
**અંબિકાપુર (છ.ગ.)**

# સાતમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૦૧/૦૧/૧૯૩૦ | ૩૦/૦૬/૨૦૧૭ |

## સ્વ. દેવકુંવરબેન દયારામભાઈ પઢિઆર

**મુળ ગામ : અંજાર (કચ્છ) હાલ : ઉમરગાંમ (ગુજરાત)**

**પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુ-સંસ્કાર સિંચન કરનાર એવા પિતાશ્રીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ...**

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં. તમારા સ્નેહ-વાત્સલ્ય એવં સંસ્કાર અને કુટુંબ પ્રત્યનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે... જીવન એવું જીવ્યા તમે, તમને જોઈ શીખ્યા અમે, તમારા ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર સ્વભાવ અમને સૌને પ્રેરણા આપતા રહેશે.

પરમકૃપાળુ ભગવાન શ્રી કૃષ્ણ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | | | |
|---|---|---|---|
| નરેન્દ્ર દયારામ પઢિઆર | પુત્ર | સ્વ. ગિરધરલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | દિયર |
| ભાવના નરેન્દ્ર પઢિઆર | પુત્રવધુ | શ્રી નંદલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | દિયર |
| દિનેશ દયારામ પઢિઆર | પુત્ર | શ્રી ઘનશ્યામ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | દિયર |
| લતા દિનેશ પઢિઆર | પુત્રવધુ | સ્વ. હંસા મનહર ચૌહાણ | દિકરી-જમાઈ |
| કનક દયારામ પઢિઆર | પુત્રી | દમયંતી રમેશ ચૌહાણ | દિકરી-જમાઈ |
| પૂજા મ્રિદુલ ચૌહાણ | પૌત્રી-જમાઈ | ભાવના દેવેશ ટાંક | દિકરી-જમાઈ |
| રક્ષીના શીવેન શ્રીવાસ્તવ | પૌત્રી-જમાઈ | અર્પિતા અર્જુન ચૌહાણ | દોહીત્ર વધુ - દોહીત્ર |
| દિશા જીગર શાહ | પૌત્રી-જમાઈ | પલ્લવી સુર્યકાન્ત રાઠોડ | દોહીત્રી-જમાઈ |
| ખ્યાતી દિનેશ પઢિઆર | પૌત્રી | મેઘા ઘનશ્યામ ચૌહાણ | દોહીત્ર વધુ - દોહીત્ર |
| અનુષ્કા દિનેશ પઢિઆર | પૌત્રી | નકુલ દેવેશ ટાંક | દોહીત્ર |
| | | ગં.સ્વ. તિલોતમાબેન વસંતભાઈ ટાંક | ભાભી |

## સમસ્ત પઢિઆર પરિવાર

**નિવાસ સ્થાન :**
'પ્રેમવિલા'
પ્લોટ નં. ૪૦૬, જી.આઈ.ડી.સી. કોલોની,
ઉમરગાંવ, જી. વલસાડ (ગુજ.)

:: Firm ::
Grindbeck Unit I & II
Gujarat Cork & Rubber Pvt. Ltd.
Agglo Cork Pvt. Ltd. Umergaon
Puja Insulation - Baroda

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રીમતી સુશીલાબેન શિવજીભાઇ ચૌહાણ

જન્મ તા. ૧૭-૦૮-૧૯૪૩ સ્વ. તા. ૨૫-૦૫-૨૦૨૨

મુળ ગામ : નાગોર, હાલ મુકામ : નાગપુર

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम्।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः।।८.५।।

જે મનુષ્ય અંતકાળે પણ મારૂં જ સ્મરણ કરતા શરીરનો ત્યાગ કરે છે તે સાક્ષાત મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે એમાં કોઇ સંશય નથી.

આપનો સરળ સ્વભાવ, કુટુમ્બ સાથે પ્રેમ, સૌના હૃદયમાં જીવીત રહેશે, આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા, સદેહે આપ અમારી સાથે નથી, પણ આપ અમારા હૃદય અને ચિતમાં સદાય છો અને રહેશો. પ્રભુ આપની દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શૌકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. શિવજીભાઇ વિરાભાઇ ચૌહાણ | (પતિ) |
| પ્રતિમાબેન ભરતભાઇ મારૂ – બિલાસપુર | (દિકરી-જમાઇ) |
| નીતાબેન દિનેશભાઇ રાઠોડ – રાયપુર | (દિકરી-જમાઇ) |
| સ્વ. છાયાબેન દિનેશભાઇ પરમાર – પરલી | (દિકરી-જમાઇ) |
| રીતાબેન સ્વ. સંદીપભાઇ ચૌહાણ – પુના | (દિકરી-જમાઇ) |
| ઇન્દિરાબેન પ્રશાંતભાઇ ચૌહાણ – નાગપુર | (પુત્રવધુ-પુત્ર) |
| વિનિત | |
| યથાર્થ પ્રશાંતભાઇ ચૌહાણ | (પૌત્ર) |

**તથા સમસ્ત ચૌહાણ પરિવાર**


FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC INDIA
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION O

MDRT®




आत्मिय प्रियजन,

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम **मितेष जे. खोडियार** है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

**Insurance for NRI & FNIO***

घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।*

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho
Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110.
+91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy
insurance_bima_policy @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

# પાંચમી પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૩-૦૩-૧૯૫૮

સ્વર્ગવાસ
૨૩-૦૬-૨૦૧૯

## સ્વ. મહેશભાઈ પ્રયાગજીભાઈ ચૌહાણ

Retd. G.M. Northern Coalfield Ltd. Singrauli (M.P.)

દેશમાં ગામ : માધાપર, હાલ મુકામ : નાગપુર (મહારાષ્ટ્ર)

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ
જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી
ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પરિવાર માટે ફુલો પાથરી ગયા એવા
દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા
પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

સરોજબેન મહેશભાઈ ચૌહાણ - પત્ની

સાગર મહેશભાઈ ચૌહાણ - પુત્ર

જયતી સાગરભાઈ ચૌહાણ - પુત્રવધુ

નૈતિક સાગરભાઈ ચૌહાણ - પૌત્ર

**તથા સમસ્ત ચૌહાણ પરિવાર**

# તૃતિય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૬-૦૫-૧૯૮૦

સ્વર્ગવાસ
૩૧-૦૫-૨૦૨૧

## સ્વ. વિશાલભાઈ લીલાધરભાઈ ખોડિયાર

દેશમાં ગામ : અંજાર, હાલ મુકામ : શહડોલ

આપનો સદાય હસમુખો ચહેરો અને જીવન જીવવાની ખુમારી, જીંદાદીલી અને સહાનુભૂતિથી ધબકતું વ્યક્તિત્વ સ્મૃતિપટ પરથી ક્યારેય ભુલાશે નહીં. આપણી અણધારી વિદાયને ત્રણ વર્ષ થયા છતાં મનુ હજુ પણ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | | |
|---|---|---|
| પિતા | : | લિલાધરભાઈ રતિલાલભાઈ ખોડિયાર<br>ઉદ્યોગપતિ, સમાજસેવી, દાનવિર, ધર્મપ્રેમી<br>શહડોલ ઘટક પ્રમુખ, મહાકૌશલ પ્રાદેશિક પ્રમુખ |
| માતા | : | અનુરાધાબેન લિલાધરભાઈ ખોડિયાર (મહિલા મંડળ પ્રમુખ) |
| ધર્મપત્નિ | : | ગીતા વિશાલ ખોડિયાર |
| મોટા ભાઈ – ભાભી | : | ગિતિકા સુશિલભાઈ ખોડિયાર |
| નાના ભાઈ – વહુ | : | ખુશ્બુ વિવેકભાઈ ખોડિયાર |
| પુત્ર | : | દિવ્ય વિશાલ ખોડિયાર |
| પુત્રી | : | ધ્રુવિ વિશાલ ખોડિયાર |
| ભત્રીજા–ભત્રીજી | : | પરમ, છવી, લુભાંશ, ક્રિષ્વ |

**તથા સમસ્ત ખોડિયાર પરિવાર**

# સેતુ સમાજ સંદેશ

સહ વીર્યં કરવાવહૈ

**અગત્યની સુચના**

(૧) આથી દરેક ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારશ્રીઓને જણાવવાનું કે, 'સેતુ સમાજ સંદેશ'માં પ્રકાશીત કરવા માટેના સમાચારો લેટરપેડ પર લખી મોકલાવવા જરૂરી છે.

(૨) જેમની પાસે લેટરપેડ ન હોય તેમણે હોદ્દા સહિતની રબ્બર સ્ટેમ્પ લગાવવી જરૂરી છે.

(૩) ઇ-મેલથી મોકલાવવામાં આવતા સમાચારો ટાઈપ કરેલા અથવા સુવાચ્ય અક્ષરોમાં હોવા જરૂરી છે.

(૪) અહેવાલ, વિજ્ઞાપન વગેરે મોકલતી વખતે મોબાઈલ નંબર અવશ્ય લખવો. જેથી સંપર્ક કરી શકાય.

(૫) સેતુ સમાજ સંદેશમાં પ્રકાશિત કરવા માટેની માહિતિ તારીખ ૧૫ સુધીમાં અવશ્ય મોકલી આપવાની રહેશે.

નોંધ : પ્રકાશન માટેની કોઈપણ મેટર વોટ્સએપ પર ન મુકતા ફક્ત ઇ-મેલ દ્વારા મોકલાવવા વિનંતી.

E-mail : setusamaj@gmail.com

- તંત્રીશ્રી

Surbhi
CLOTHING

MISS AKSHITA B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd, Near Zero Point, Mundra 370421.

---

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock, Old Bandar Road, Mundra 370421.

---

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## માધાપર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટકના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીના અધ્યક્ષ સ્થાને તા. ૩૦-૦૪-૨૦૨૪ના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક સંચાલિત સ્વસહાય યોજનાના સભ્યોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. મહાનુભાવોના હસ્તે




દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. બ્ર.કુ. બાબુભાઇ પરમારે પધારેલ સૌનું શબ્દોથી સ્વાગત કરેલ હતું. ત્યાર બાદ સ્વસહાય યોજનાની તમામ માહિતી આપવામાં આવી. ઘટકના ખજાનચી શ્રી મનોજભાઇ ટાંકે વર્ષ ૨૦૨૩-૨૪ના હિસાબો રજુ કરેલ હતા. મહાસભાના કાર્યકારી પ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, લોકોને કુટુંબમાં આવતા સારા અને નરસા પ્રસંગોમાં આ યોજના ખુબજ ઉપયોગી છે અને આપ સૌ સ્વસહાય યોજનાના જે નિયમો બનાવવામાં આવેલ તેને આપ અનુસરો છો તેના કારણે આજે ૯૦,૦૦૦,૦૦ (નેવું લાખ) રૂપિયા ભંડોળ એકત્રિત થઇ ગયેલ છે તેમજ ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ



પોતાના પ્રવચનમાં જણાવેલ કે દર વર્ષે સભ્યોની સંખ્યા તેમજ લોન લેનારની સંખ્યામાં વધારો થતો જાય છે. સભ્યોની બચત રકમમાં વધારો થવાને કારણે લોનમાં પણ આ વર્ષે વધારો કરી એક લાખ વીસ હજાર કરવામાં આવેલ છે.

ગયા વર્ષે ૮૫૦/- રૂપિયા ડિવિડન્ડ આપવામાં આવેલ. તેમાં આ વર્ષે (૨૦૨૩-૨૪)માં વધારો કરી દરેક સભ્યને ૯૫૦/- રૂપિયા ડિવિડન્ડની જાહેરાત કરવામાં આવેલ જે મીટીંગ પૂર્ણ થયા બાદ આપવામાં આવેલ હતું. અત્યારે ૪૦૧ સભ્યો છે તેમાં હજુ પણ સમાજના નવા સભ્યો જોડાય અને કુટુંબમાં આવતા ખર્ચને પહોંચી વળવા આ ઉપયોગી યોજનાનો બધા લાભ લે તે માટે અપીલ કરવામાં આવી હતી. કોઇપણ યોજના માટે નિયમો બનાવવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો જરૂરથી સફળતા મળતી હોય છે. જેનું આ સ્વસહાય યોજના ઉદાહરણ છે. આવો જ સાથ આપના તરફથી મળતો રહેશે તો આવતા વર્ષે એક કરોડનું ભંડોળ થશે જે આપણા માટે ગૌરવની વાત છે અને શ્રી ચમનભાઇ ચૌહાણે જણાવેલ કે ૧૯૮૬માં આ યોજનાની શરૂઆત થયેલ જેને આ ૨૦૨૫માં ૪૦ વર્ષ પૂર્ણ થતાં હોય ૨૦૨૪-૨૫ના સ્નેહમિલનમાં તમામ સભ્યોને ભોજન તેમના તરફથી કરાવવાની જાહેરાત કરેલ હતી. તે બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. કચ્છ પ્રાદેશિક પ્રમુખ અને પ્રભારી શ્રી બાબુલાલભાઇ ચૌહાણ, શ્રી દિનેશભાઇ ચાવડા, પ્રવચનમાં યોજના અંગે જરૂરી માહિતી આપેલ હતી.

મહાસભાની કોર કમિટી દ્વારા ડૉ. શ્રી મનોજભાઇ પી. સોલંકીની મહાસભાના કાર્યકારી પ્રમુખ તરીકે અને આગામી સત્ર ૨૦૨૪-૨૬ ના મહાસભાના પ્રમુખ તરીકે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીના નામની જાહેરાત કરવામાં આવેલ અને કચ્છ પ્રાદેશિકના પ્રમુખ તરીકે શ્રી બાબુભાઇ ચૌહાણની નિમણુંક કરવામાં આવેલ તે બદલ તેમનું સાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ હતું. સ્વસહાય યોજનાના પ્રભારી શ્રી કમલેશભાઇ

પરમારે અલ્પાહારનો ખર્ચ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ આઇસ્ક્રીમનો ખર્ચ આપવા બદલ તથા સ્વસહાય યોજનાના સંચાલક શ્રી દિનેશભાઇ ચાવડાનું પણ સાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ તેમજ દર મહિને બચત અને લોનના નિયમિત હપ્તા ભરવાના કારણે થયેલ પ્રગતિ બદલ તમામ સભ્યોનું મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંકે આભાર વ્યક્ત કરેલ હતો. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

## ભુજ ઘટક

પરિક્ષાઓના ભારણ બાદ અને વેકેશન પુરૂં થતાં પહેલા સમાજના છાત્રો સાથે તમામ વયના સમાજબાંધવોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તે હેતુથી 'વેકેશનની મોજ' કાર્યક્રમનું આયોજન તા. ૧૧-૦૫-૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હતું. ઘટક પ્રમુખ શ્રી ડૉ. દેવેન્દ્રભાઇ પરમાર સાથે મહાસભા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, મેરેજ બ્યુરો પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા ઘટક મંત્રી શ્રી વિજયભાઇ સોલંકીએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવેલ હતો.

ત્યાર બાદ કાર્યક્રમ સંચાલિકા શ્રીમતી રચનાબેન દ્વારા તંબોલા ગેમ, કપલ ગેમ, બાળકોની રમતો અને મ્યુઝીકલ હાઉઝીની રમતો રમાડી વિજેતા સ્પર્ધકોને ત્વરિત ઇનામો આપવામાં આવ્યા હતા. વિવિધ પ્રકારની રમતો દ્વારા અબાલ-વૃદ્ધ સૌએ ખુબજ આનંદ લીધો હતો. સંગીત સંધ્યા અંતર્ગત શ્રી વિજયભાઇ સોલંકી, શ્રી દેવેનભાઇ વેગડ, શ્રી વિનોદભાઇ ચૌહાણ તથા શ્રી ધીરેનભાઇ ટાંકએ સુંદર ગીતો પ્રસ્તુત કરેલ હતા. કાર્યક્રમ પુરો થયા બાદ પોતાના લગ્ન દિવસની ખુશાલીમાં ભુજ ઘટકના સેવાભાવી અને સન્માનનીય દંપતિ શ્રીમતી નિર્મળાબેન તથા શ્રી વ્રજલાલભાઇ સામજીભાઇ પરમાર અને શ્રીમતી રસીલાબેન તથા શ્રી સુરેશભાઇ રણછોડભાઇ પરમાર તરફથી રાત્રી ભોજન આપવામાં આવેલ હતું. બંને દંપતિને લગ્ન દિવસની શુભેચ્છા પાઠવી સન્માન કરવામાં આવેલ હતું. શ્રીમતી હસ્મિતાબેન પરમાર, શ્રીમતી ચંદ્રિકાબેન ટાંક, શ્રીમતી ભાનુબેન વેગડ, શ્રી જીતેશભાઇ ચાવડા, શ્રી પારસભાઇ ચૌહાણ તથા ભુજ બોર્ડીંગના વિદ્યાર્થીઓએ સહયોગ આપેલ હતો.




## પુના ઘટક

પુના ઘટકની જનરલ મીટીંગ તા. ૦૯-૦૪-૨૦૨૪, મંગળવાર ગુડી પાડવાના દિવસે ઘટક પ્રમુખ શ્રી રમેશભાઇ હરિરામભાઇ ચૌહાણની અધ્યક્ષતામાં આયોજીત કરવામાં આવેલ. સલાહકાર પ્રમુખ શ્રી રવિભાઇ ચૌહાણ, વરીષ્ઠ મંત્રી શ્રી હિતેશભાઇ ટાંક, મંત્રીશ્રી તેમજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રમીલાબેન વેગડ, ઉપપ્રમુખશ્રી નરેન્દ્રભાઇ ચાવડા, ભરતભાઇ ટાંક, કારોબારી સભ્યશ્રી જગદીશભાઇ ચૌહાણ, નીતીનભાઇ પરમાર, યુવા મંડળના રીશીભાઇ ચાવડા, કિરીટભાઇ ચાવડા, હોશાંગભાઇ ચાવડા, મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતી લીલાબેન



ચૌહાણ, મહિલા મંડળ મંત્રી શ્રીમતી શીતલબેન મકવાણા વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા. મીટીંગનો મુખ્ય વિષય નવા સત્ર માટે ઘટક પ્રમુખીની વરણી કરવાનો હતો.



મંત્રી શ્રી રમીલાબેન વેગડે ઉપસ્થિત સર્વે સભ્યોનું શાબ્દિક સ્વાગત કરેલ. મહાનુભાવો દ્વારા પૂ. હીરજીબાપાને માલ્યાર્પણ કરી દીપ પ્રજ્વલન, પ્રભુ પ્રાર્થના કરી સભાની શરૂઆત કરવામાં આવેલ. ગુડી પડવા અને ચૈત્રી નવરાત્રી નિમિત્તે સર્વેને શુભેચ્છા આપવામાં આવેલ તેમજ વિગત વર્ષમાં દિવંગત થયેલ સમાજબાંધવોને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ.

ઘટક પ્રમુખ શ્રી રમેશભાઇ હરિરામભાઇ ચૌહાણ પોતાના મનોગત વ્યક્ત કરતા જણાવેલ કે તેમનો કાર્યકાળ સમાપ્ત થયેલ છે. તે માટે તેમણે પોતાના સવે સહયોગીઓનો તેમજ સાથ-સહકાર આપનાર સર્વેનો આભાર માનેલ અને જણાવેલ કે, નવા સત્ર માટે નવા પ્રમુખની વરણી કરવા માટે નામ સુચવવા જણાવેલ. ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઇ ચાવડાએ શ્રી વિરેન્દ્રભાઇ ખીમજીભાઇ ચાવડાનું નામ સૂચવેલ હતું. ઉપપ્રમુખ શ્રી ભરતભાઇ ટાંકે અનુમોદન આપેલ. ઉપસ્થિત સર્વેએ તાડીઓ પાડી સર્વાનુમતે વિરેન્દ્રભાઇ ચાવડાના નામને મંજુરી આપેલ. નિવૃતમાન ઘટક પ્રમુખ શ્રી રમેશભાઇએ નવનિયુક્ત ઘટક પ્રમુખ શ્રી વિરેન્દ્રભાઇને અભિનંદન આપતા જણાવેલ કે, પુના ઘટક આપશ્રીના સમયમાં ખુબ પ્રગતી કરે તેવી શુભેચ્છા. સર્વેને હંમેશા સાથ-સહકાર રહેશે. નવનિયુક્ત ઘટક પ્રમુખ શ્રી વિરેન્દ્રભાઇ ચાવડાએ જણાવેલ કે આપ સર્વેએ સર્વસંમતિથી મારી નિયુક્તી કરેલ છે તે બદલ આપ સર્વેનો આભાર. આપ સર્વેના સાથ-સહકારથી અને સહુને સાથે રાખીને ઘટકનું કાર્ય આગળ વધારવા માં આવશે. તેમણે પોતાની કારોબારીના નીચે મુજબ સભ્યો શ્રી મહેન્દ્રભાઇ શામજીભાઇ રાઠોડ - ઉપપ્રમુખ, રીશીભાઇ ત્રિલોકેશભાઇ ચાવડા - મંત્રી, ધીરજભાઇ વલમજીભાઇ પરમાર - સહમંત્રી અને કીરીટભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા - કોષાધ્યક્ષ તરીકે નામ જાહેર કરેલ અને જણાવેલ કે ટુંક સમયમાં કારોબારીના અન્ય સભ્યોની વરણી કરવામાં આવશે. ઉપસ્થિત સર્વેએ નવનિયુક્ત પ્રમુખ શ્રી વિરેન્દ્રભાઇ ચાવડા અને તેમના સહયોગીઓને અભિનંદન આપેલ અને અલ્પાહાર સાથે મીટીંગનું સમાપન કરવામાં આવેલ.

## રેહા ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રેહાના સમાજમિલન તથા સામાન્ય સભા કાર્યક્રમમાં સ્વાવલંબી બની પરિવારને આર્થિક રીતે મદદરૂપ બનનાર શ્રમિક બહેનો પ્રત્યે આદરભાવ વ્યક્ત કરી સન્માનિત કરવામાં આવેલ હતા.

ઘટક પ્રમુખ શ્રી ભવાનભાઇ વેગડ સાથે મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, દાતાશ્રી પંકજભાઇ ચૌહાણ - હૈદ્રાબાદ, અ.ભા.મહિલા મહામંળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, સલાહકાર શ્રીમતી અનસુયાબેન પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મંજુલાબેન ચૌહાણ તથા યુવા મંડળ પ્રમુખ શ્રી દિલીપભાઇ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરેલ હતું.

મહાસભાના ઉપપ્રમુખ વિનોદભાઇ ચૌહાણે સમાજના ઉદારદીલ અને દુરંદેશી વડીલોએ નિર્માણ કરેલ માનવ તથા પશુ-પક્ષી ઉપયોગી બાંધકામોની જાળવણી તથા નિભાવ માટે વતન પ્રેમી દાતાશ્રીઓ તરફથી મળતા સહયોગની પ્રશંસા કરી હતી તથા રાષ્ટ્રીય મહાસભાની વિવિધ સેવાકીય યોજનાઓ વિશે માહિતી આપી હતી. ગામના સખાવતી દાતા સ્વ. પંચાણભાઇ લધા



ચૌહાણના પ્રપૌત્ર પંકજભાઇ ચૌહાણે પોતાના પરદાદા દ્વારા સ્થાપિત ઐતિહાસિક શાળા, ગૌશાળા તથા અન્ય સ્થાનોનો ચિતાર આપી સમાજ દ્વારા થતી જાળવણીની પ્રશંસા કરી હતી. બાબુભાઇ ચૌહાણ, અમિતાબેન સોલંકી તથા રીટાબેન ચૌહાણે સંગઠિત બની સમાજ સેવા કરતા રહેવાનો અનુરોધ કર્યો હતો.

વિશેષ સન્માન કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં નાના પાયે ગૃહ ઉદ્યોગ, હસ્તકલા, દુકાન તથા બ્યુટી પાર્લર સંચાલન, રસોઇ કામ તથા નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ બનતી ૨૬ જેટલી શ્રમિક બહેનોનું દાતા શ્રીમતી રસિલાબેન સુરેશભાઇ પરમારના સહયોગથી 'ઉદ્યમી મહિલા સન્માન' કરવામાં આવેલ હતું તેમજ ૧૬ જેટલા વડીલોનું દાતાશ્રી બાબુભાઇ ચૌહાણ તથા શ્રીમતી રીટાબેન ચૌહાણના સહયોગથી 'વરીષ્ઠ વંદના સન્માન' કરવામાં આવેલ હતું. આજના પ્રસંગે દાતાશ્રી દિનેશભાઇ દામજી ચૌહાણ તથા શ્રી મણીલાલભાઇ અરજણભાઇ ચૌહાણના સહયોગથી રૂા. ૧૫૦૦૦ ના ખર્ચે ગૌશાળામાં ગાયોને લીલો ચારો આપવામાં આવેલ હતો.

ત્યાર બાદ મળેલ સામાન્ય સભામાં સમાજના નવા હોદ્દેદારોની વરણી થતાં ઘટક પ્રમુખ તરીકે શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ તરીકે શ્રી રોમેક્ષ મહેશભાઇ ચૌહાણ તથા મહિલા મંડળના પ્રમુખ તરીકે શ્રીમતી કલ્પનાબેન દિલીપભાઇ ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. ઘટ પ્રમુખ તરીકે ૩૦ વર્ષ સુધી સેવા આપી નિવૃત થતા શ્રી ભવાનભાઇ વેગડની સેવાઓને યાદ કરી સન્માનીત કરવામાં આવેલ હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણે કરેલ હતા.

## વડોદરા ઘટક



તા. ૧૨-૫-૨૦૨૪, રવિવારના રોજ વડોદરા ઘટકની ત્રણેય પાંખોની કારોબારી સભ્યો, સલાહકાર મંડળ અને પ્રતિનિધિઓની એક મીટીંગનું આયોજન સમાજ ભવન મધ્યે સાંજે ૫.૦૦ કલાકે કરવામાં આવેલ હતું. રાષ્ટ્રીય મહાસભાની ખાસ સામાન્ય સભાનું આયોજન વડોદરા ઘટકના આંગણે તા. ૯-૬-૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ છે. જેના આયોજન બાબત ચર્ચા-વિચારણા કરી અને આખાય કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી. જેમાં હાજર સર્વે સભ્યોએ પોત-પોતાના વિચારો જણાવ્યા અને આ આયોજનને સફળ બનાવવાની સર્વે સભ્યોએ તત્પરતા બતાવી. આ આયોજનને લઇને સૌને પોત-પોતાની જવાબદારી સોંપી હતી.

ત્યાર બાદ મહાસભામાં નવીવરણી થયેલ વડોદરા ઘટકના સભ્યો, અ.ભા.મ. મહામંડળ અને પ્રાદેશિક સ્તરની વરણી પામેલ બહેનો તેમજ અ.ભા.યુવા મહામંડળમાં નવનિયુક્ત સર્વે સભ્યોનું ઘટક દ્વારા પુષ્પગુચ્છ અને ખસ પહેરાવીને સન્માનીત કરવામાં આવ્યા હતા અને આમ જ આખા ભારત વર્ષમાં, સંસ્થામાં મળેલ હોદ્દાઓ પર જવાબદારી પૂર્ણ કામ કરી વડોદરા ઘટકનું નામના વધે તેવા કાર્યો કરવાની આશા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમનું મંચ સંચાલન વડોદરા ઘટક મંત્રી શ્રી તૃષારભાઇ




મોહનભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું તેમજ ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ દ્વારા સમાજ ભવન મધ્યે ચાલી રહેલ પાર્કીંગના કામની વિસ્તૃત માહિતિ આપવામાં આવી હતી. પાર્કીંગના થઇ રહેલા કામ માટે ઘટક મહિલા મંડળ વતી રૂા. ૨૫૦૦૦ અને યુવા મંડળ તરફથી રૂા. ૧૧૦૦૦ અનુદાન પેટે આપવામાં આવેલ. ઘટક ઉપપ્રમુખ કુમારભાઇ ચૌહાણ દ્વારા આભારવિધી કરવામાં આવેલ અને સૌ સભ્યોએ સાથે મળી સ્વાદિષ્ટ ભોજન લઇ છુટા પડ્યા હતા.

## શહડોલ ઘટક



આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના નેતા ડૉ. પ્રવિણ તોગડીયાના શહડોલ પ્રવાસે, મહાકૌશલ પ્રાદેશિક પ્રમુખ શ્રી લીલાધરભાઇ ખોડિયારના નિવાસ સ્થાને પધાર્યા હતા. આ સમયે શહડોલ ઘટકના બધા ભાઇ-બહેનોએ ઉપસ્થિતિ આપી ડૉક્ટર સાહેબનું સન્માન તિલક કરી, પુષ્પહાર તથા શાલ ઓઢાડીને કરેલ હતું.

ડૉ. શ્રી પ્રવિણભાઇ તોગડીયાએ સર્વે સમાજબંધુઓનું કુશળ-મંગળ પૂછીને પોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. સમાજબંધુઓને એકતામાં રહેવાનો અને હિન્દુ સમાજની રક્ષા તથા ઉન્નતિ પર ચર્ચા કરી પૂરા દેશમાં હનુમાન ચાલિસા કેન્દ્ર ખોલવાની યોજના ચાલુ કરી છે ત્યાં સ્વાસ્થ્ય સેવા, પ્રશિક્ષણ તથા જરૂર પડવાથી હેલ્પલાઇન સેવા ૨૪ કલાક આપશે. એમ નિર્ભય રહી સમાજ માટે ઉન્નતિની અપેક્ષા રાખી હતી. અંતે સ્વલ્પાહાર લઇ સૌએ વિદાય લીધી હતી.

## રાઉરકેલા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા ઘટક તથા યુવા મંડળ દ્વારા અક્ષયતૃતિયા (અખાત્રીજ) તા. ૧૦-૫-૨૪, શુક્રવારના દિવસે સવારે છાસ વિતરણનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નિતિનભાઇ વરૂ, કિશોરભાઇ ટાંક, ભુપેન્દ્રભાઇ પરમાર, ઉમાકાન્તભાઇ ગોહિલ, પ્રવિણભાઇ ચાવડા ભરતભાઇ રાઠોડ, દિપેશ રાઠોડ, રિષભ વાઘેલા, મનિષ પરમારે ભાગ લીધો હતો. સર્વે સભ્યોના સહયોગ બદલ આભાર માનવામાં આવેલ.

સૌ જ ન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઇ વૃજલાલભાઇ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઇ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઇ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

નારી દર્પણ

સંસ્કાર સેવા સમાનતા

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# અ.ભા.મહિલા મહામંડળ દ્વારા યોજાયો બે દિવસીય ઓનલાઇન સમર કેમ્પ

અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત આવતી શિક્ષણ સમિતિના બાલ તરંગ ગ્રુપ તરફથી બાળકોના સર્વાંગી વિકાસ માટે બે દિવસનો ઓનલાઇન સમર કેમ્પ એપ્રિલ મહિના માં તારીખ ૨૭ અને ૨૮નાં આયોજિત કરવામાં આવેલો હતો. જેમાં બાળકો ને વિવિધ સબજેક્ટ પર પ્રેક્ટીકલ નોલેજ આપવામાં આવેલ હતું. અખિલ ભારતીય મહિલા મહામંડળ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન ચૌહાણ મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણનાં અધ્યક્ષતા હેઠળ... શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન રાઠોડ અને તેમજ મંત્રીઓ શ્રીમતી કનકબેન, કલ્પનાબેન, તૃપ્તિબેન ની પુરી ટીમે બાળકો ને વિવિધ વસ્તુઓ બનાવતા શીખવાડેલી હતી.

''આજનું બાળક એ આવતીકાલનું નાગરિક છે'' બાળકોને સરળ અને સાચું શિક્ષણ આપવું તેમને જૂની પરંપરાઓના સંસ્કારોથી અવગત કરાવવું એ આપણું સામાજિક કર્તવ્ય છે. મોબાઈલના એડીટેશનમાં ફસાયેલા બાળકને મોબાઈલ દ્વારા જ સકારાત્મક શિક્ષણ આપવાનો હેતુ બાલ તરંગ ગ્રુપનો છે. આ ઉદેશ્યને અનુલક્ષીને સમર કેમ્પના પ્રથમ દિવસે બાળકોને - ''ફાયરલેસ/નોન ગેસ કુકિંગ'' એટલે વગર -ગેસ નું કુકિંગ શિક્ષણ સમિતિ મંત્રી શ્રીમતી કલ્પનાબેન દ્વારા શીખવાડવામાં આવ્યું હતું. જે બાળકો પોતે પણ બનાવી શકે છે.. જેમાં બાળકો ને પિનવ્હીલ સેન્ડવિચ, અને સેવન લેયર સ્પ્રાઉટ ભેળ.. શીખવાડી હતી... શાકભાજી ના ખાતા બાળકો શાકભાજી ખાવાનું શીખે બાળકોને હેલ્દી તેમ જ ન્યુટ્રિશિયન સાથે ખોરાક દ્વારા પોષણ મળે. તે હેતુને ધ્યાનમાં રાખીને કલ્પનાબેન એ બાળકોને બે વાનગીઓ ખૂબ રોચક પદ્ધતિથી શીખવાડેલ હતી, ડેકોરેશન કરીને પણ બતાવેલ હતી. જે બાળકો એ ખુબ પસંદ કરેલ હતી... ઝટપટ બનાવીને પણ બતાવેલી હતી..એની સાથેસાથે શિક્ષણ સમિતિ મંત્રી શ્રીમતી તૃપ્તિબેને બાળકોને સ્ટેપ બાય સ્ટેપ નેપકીન ફોલ્ડિંગ ડિઝાઈનિંગ ની ટેક્નિક શીખવાડેલ હતી.. એમાં નેપકીનને ફોલ્ડ કરીને તેમાંથી એપ્પલ, ટેડીબેર, ડોલ, તેમજ ઇઝી એનીમલ શીખવાડવામાં આવેલા હતા જે બાળકોએ ખૂબ પસંદ કરેલા હતા અને બનાવીને ખૂબ જ સંખ્યામાં ફોટાઓ બાલતરંગ ગ્રુપમાં મોકલાવેલા હતા. બાળકોમાં રમત ગમત સાથે જ્ઞાનનો વિકાસ થાય એ જ બાલ તરંગ ગ્રુપ નો મુખ્ય ઉદ્દેશ્ય છે. બાળકોને એક સ્પેલિંગની ગેમ પણ રમાડવામાં આવેલ હતી ઉકેલ /કોયડાઓ/ પઝલ દ્વારા તેમના જ્ઞાનનો વિકાસ કરવામાં આવેલો હતો. બાળકોના ભરપૂર પ્રતિસાદ સાથે બાળકો બીજા દિવસના સમર કેમ્પ ની ઉત્સાહપૂર્વક રાહ જોતા હતા. બાલ તરંગ ગ્રુપ તરફથી લેવામાં આવેલા ઓનલાઇન સમર કેમ્પમાં લગભગ ૧૫૦ બાળકો જોડાયેલા હતા અને નવી નવી વસ્તુઓ શીખવા માટે ખૂબ જ ઉત્સુક હતા. બાલ તરંગ ગ્રુપ તરફથી ઓનલાઇન સમર કેમ્પ લેવાના બીજા દિવસમાં બાળકો નવીન વસ્તુ શીખવા માટે ખૂબ જ ઉત્સાહી હતા બીજા દિવસે શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન દ્વારા આર્ટ એન્ડ ક્રાફ્ટ શીખવાડવામાં આવેલ હતું..જેમાં તેમને રોઝ ફ્લાવર્સ બંચ ખૂબ સરળ પદ્ધતિથી ને શીખવાડેલું હતું. જે બાળકોને ખૂબ જ ગમેલ હતું ઓનલાઇન શીખવાડ્યા બાદ બાળકોએ તરત જ આર્ટ ક્રાફ્ટ બનાવી તેના ફોટાઓ બાલ તરંગ ગ્રુપમાં પોસ્ટ કરેલ હતા.. આ સાથે બાળકોમાં પર્યાવરણ પૂરક, પ્રવૃત્તિઓ જેવી કે વૃક્ષોને વાવવા, ફ્રુટ માંથી વધેલા સીડ્સને ફેંકી દેવા કરતા તેમાં માટી ઉમેરી તેના બોલ બનાવવીને ગિફ્ટ કરવાનું કે પછી મુસાફરી માં જતા જતા પાણી



શ્રીમતિ જયોતીબેન અરૂણભાઈ રાઠોડ (ભૂસાવલ)
અધ્યક્ષાશ્રી - શિક્ષણ સમિતી



શ્રીમતિ કનકબેન જયંતભાઈ ટાંક (રાયપુર)
મંત્રીશ્રી - શિક્ષણ સમિતી



શ્રીમતિ કલ્પનાબેન રાજેન્દ્રભાઈ પરમાર (રાયપુર)
મંત્રીશ્રી - શિક્ષણ સમિતી



શ્રીમતિ તૃપ્તિબેન નંદુભાઈ રાઠોડ (જમશેદપુર)
મંત્રીશ્રી - શિક્ષણ સમિતી

વારી જગ્યા એ ફેંકી દેવા જેથી તેમાંથી ઝાડ ઉગી શકે. આની પુરી માહિતી શિક્ષણ સમિતિ મંત્રી શ્રીમતી કનક બેન દ્વારા આપવામાં આવેલી હતી.. ગાર્ડનિંગની પૂરી માહિતી કનકબેને ખુબ સરળ પદ્ધતિથી શીખવાડેલી હતી જેનો બાળકો એ ખુબ સરસ પ્રતિસાદ આપેલો હતો.. વિવિધ પ્રશ્ન પૂછી ને બાળકો તેમજ બહેનો એ પોતાની જિજ્ઞાસા બતાવેલ હતી.. વાવતા શીખવાનું એ કમળનું ફૂલ સીડ માંથી આપણે પાણીમાં કેવી રીતે ઉગાડી શકીએ આની પૂરી રોચક માહિતી શિક્ષણ સમિતિ મંત્રી શ્રીમતી કનકબેન દ્વારા આપવામાં આવેલી હતી, બીજ થી વાવી શકાય તેવા ઝાડ, કલમ થી વાવી સકતા ઝાડ ની માહિતી આપતા તેમણે પોતાના ઘરના પુરા ગાર્ડનની ટુર કરાવેલ હતી..

આમ શિક્ષણ સમિતિ નાં બાળતરંગ ગ્રુપ તરફ થી બાળકો ને વિવિધ શિક્ષણ,જ્ઞાન સાથે ગમ્મત મળે તેવો બે દિવસ નો ઓનલાઇન સમર કેમ્પ ખૂબ ઉત્સાહથી અને ભરપૂર પ્રતિસાદથી સંપન્ન થયેલો હતો. અખિલ ભારતીય મહિલા મહામંડલશિક્ષણ સમિતિ તરફથી બાળકો માટે પ્રથમ જ વાર લેવામાં આવેલા બે દિવસનાં ઓનલાઇન સમર કેમ્પ માં આપેલા ભરપૂર પ્રતિસાદ માટે શિક્ષણ સમિતિની પુરી ટીમ સમાજનાં બધા જ બાળકો, અને ભાઈ બહેનો ની,તેમજ અખિલ ભારતીય મહિલા મહામંડળ આભારી છે.

# અ.ભા.મહિલા મહામંડળે યોજ્યો વાસ્તુ ટીપ્સ ઓનલાઇન સેમીનાર



શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામ ભાઇ રાઠોડ - જાલના આપણા સમાજના બહુમુખી વિદુષી મહિલા પ્રતિભા છે. અનેકવિધ પદો ઉપર સેવા આપનાર તેઓ હાલે અખિલ ભારતીય મહિલા મહામંડળના મોટીવેશન સ્પીકર છે. વાસ્તુ શાસ્ત્રના તેઓ નિષ્ણાંત છે. તેમના વાસ્તુશાસ્ત્ર જ્ઞાનનો લાભ આપણા સમાજના પરિવારોને મળે તે હેતુથી તોડ-ફોડ વિનાના ઘરનો વાસ્તુ દોષ કઇ રીતે નિવારી શકાય ? તે વિષય પર ઓનલાઇન માર્ગદર્શન સેમિનાર રાખવામાં આવેલ હતા. સેમીનાર બાદ વાસ્તુશાસ્ત્રને લગતા પ્રશ્નોનું તેમણે સવિસ્તાર નિરાકરણ કરેલ હતું. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા તેમનો આભાર માનવામાં આવેલ હતો. તેમણે આપેલી વાસ્તુ ટીપ્સનો સારાંશ નીચે મુજબ છે.

વાસ્તુ એનર્જી : વાસ્તુ એટલે જ્યાં લોકો વસે છે. એનર્જી એટલે ઉર્જા. જેમ આપણું શરીર પંચતત્વથી બનેલું છે. આ વાસ્તુના પંચતત્વથી સંજીવન સ્થાપિત થાય ત્યારે વસ્તુ ઉર્જીત થાય છે. આપણા ભાગ્યના ચાર પાયા છે. (૧) સંચિત કર્મ (૨) જન્મ પત્રિકા (૩) આજના કર્મ તથા (૪) આપણું વાસ્તુ. પહેલા બે આપણા હાથમાં નથી પણ વાસ્તુ અને આજના સારા કર્મ આપણા હાથમાં છે. માટે સારા કર્મ કરીએ અને વાસ્તુને બેલેન્સ કરીએ. વાસ્તુ તર્ક યા અંધશ્રદ્ધા નથી. મત્સ્ય પુરાણમાં ૧૮ ઋષિઓની પરંપરા છે. શ્રેષ્ઠ વાસ્તુ તથા વાસ્તુ દોષના સ્થાપત્ય થોડા ઉદાહરણ સાથે સમજાવ્યું. આત્માનું ઘર શરીર તથા શરીરનું ઘર વાસ્તુ છે. વાસ્તુમાં સકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરશું તો આપણા સ્વાસ્થ્ય સંબંધો, આર્થિક પરિસ્થિતિ, નોકરી વ્યવસાય સુધરશે.

જ્યારે શિવજીએ અંધકાસુર રાક્ષસ સાથે યુદ્ધ કર્યું ત્યારે એમના પસીનામાંથી એક વિકરાળ પુરૂષની ઉત્પત્તી થઇ જેણે ભૂખના કારણે ત્રણેય લોકમાં હાહાકાર મચાવ્યો એને બ્રહ્માજી આદિ દેવતાઓ અને રાક્ષસોએ મળી જમીનમાં ઉંધો દબાવ્યો અને સમઝોતો કર્યો કે વાસ્તુ શાંતિ નિમિત્તે તને ભોગ આપવામાં આવશે એજ નૈવેધનું અર્પણને આપણે વાસ્તુ શાંતિ કહીએ છીએ.

ઘર બનાવવા પહેલાં વાસ્તુ અનુસાર પ્લોટની પસંદગી કરી, વાસ્તુ પુરૂષની નાભી શંકુથી સિદ્ધ કરી ૧૦ દિશાઓમાં સ્વસ્તિક યંત્ર તથા જે દેવતાઓએ દબાવ્યો હતો એમના રત્નો પુરવામાં આવે છે. ઘરનું સ્લોપ ઉત્તર, પૂર્વ, ઇશાન્ય તરફ રાખવો જોઇએ. ફેશનથી ઉંચા નીચા ઘર ન બનાવાય. સ્વતંત્ર ઘર બનાવતી વખતે ચાર દિશા, ચાર ખુણા વધેલા યા કપાયેલા ન હોવા જોઇએ. ફ્લેટમાં હોય છે તો એને થોડી રેમીડીઝથી બેલેન્સ કરી શકાય છે.

વાસ્તુમાં ઉત્તરથી પૂર્વ જલતત્વ હોય છે. ત્યાં પાણી, ફ્વ્વારા, પાણી, ધોધના ફોટા, વચ્ચે ઇશાન્યમાં મંદીર રાખી શકાય. આ ભાગ હંમેશા સ્વચ્છ રાખવો. કેમ કે ઇમ્બેલેન્સ થાયે યા અહીંનો વાસ્તુ દોષ માથાના દુઃખાવા, ડીપ્રેશન, આર્થિક તંગી, ટ્યુમર વગેરે આપે છે. અહીં રસોડું, સ્ટોર યા ઉંચાણ ન જોઇએ અહીં ચાંદીના ગ્લાસમાં પાણી યા કાંચના ગ્લાસમાં ચાંદીનો સિક્કો નાખીને એ પાણી પી શકાય. અહીં આછો બ્લુ તથા લીલો રંગ ક્લેરીટી ઓફ માઇન્ડ આપે છે. ઉત્તર દિશા ધન તથા કુબેરજીની દિશા છે અહીં કુબેર મૂર્તિ તથા કુબેરજીનો ફોટો તથા યંત્ર રાખી શકાય. પૂર્વથી દક્ષિણ અગ્ની તત્વ હોય છે અહીં રસોડું ઉત્તમ છે. રસોડું અન્ય હોય તો એને ગેસના નીચે તેને દિશાના રંગના પ્લેટફોર્મથી બેલેન્સ કરી શકાય.

અહીંનો રંગ લાલ, ગુલાબી, મરૂન, અહીંના દેવતા મંગળ છે

અહીંયા પાણી, કાળો રંગ તથા બ્લુ રંગ વર્જીત છે. રસોડામાં પાણી ગેસના ડાબી બાજુ બે ફુટના અંતરથી રાખવું અહીંના દોષ લોહી સંબંધી રોગ, સ્ત્રી રોગ, સંબંધોમાં મતભેદ આપે છે. અગ્નેય શુક્ર ગ્રહની દિશા છે અહીં લાલ સાડીમાં લક્ષ્મીજીનો ફોટો, નિત્ય દિવો તથા લાલ સાથીયો કરી શકાય. (જો આ દિશા બેલેન્સ હોય તો) દક્ષિણથી પશ્ચિમ દિશા પૃથ્વી તત્વની દિશા છે. અહીં ઉંચાણ, વધુ બાંધકામ ઘરના કર્તા પુરૂષનો શયન કક્ષ, દક્ષિણ દિશામાં ઉત્તર મુખી તિજોરી રાખી શકાય, અહીં પાણી અનેક વ્યાધી આવે છે. પીળા રંગના પડદા લગાડવા.

પશ્ચિમથી ઉત્તર દિશા વાયુ તત્વની દિશા છે. ચંદ્ર ગ્રહની ઉર્જા હોય અહીંના વાસ્તુ દોષ સંબંધો ખરાબ કરે છે. દુકાન, વ્યવસાય માટે આ દિશા વરદાન છે. તૈયાર વેંચવાનો સામાન તથા વધુ પ્રોફીટનો સામાન અહીં મુકી શકાય. વચ્ચે બ્રહ સ્થાન હલ્કો, સ્વચ્છ રાખવો અહીં વાસ્તુ પુરૂષના મર્મ સ્થાન હોય છે. છાતી, પેટ સંબંધી રોગ થવાની શક્યતા છે. આપણા જુના ઘરોમાં વચ્ચે ચોક અને આજુબાજુ સમ રહેતા.

આજે મહા વાસ્તુનું ચલન છે જે ૧૬ દિશાઓમાં વિભાજીત છે. ઉત્તર North - NNE - ઇશાન્ય ENE - પૂર્વ - ESE - આગ્નેય - SSE - દક્ષિણ - SSW - નૈઋત્ય - WSW - પશ્ચિમ - WNW - વાયવ્ય - NNW - જ્યોતિબેને આ બધી દિશાઓને વિસ્તારમાં સમજાવતા કઇ દિશામાં શું રાખવું એની માહિતિ આપી. ઉત્તરમાં પાણી, જમીનની ટાંક, NNE માં દવાઇઓ, ચાંદીનો સાથીયો, ઇશાન્યમાં મંદીર, ENE માં ટીવી મનોરંજન, પૂર્વમાં કાંચની બોટલમાં (કેસર + સિંદુર), ESE માં, SSWમાં WNW માં ટોઇલેટ ચાલે - ન હોય તો ટોઇલેટ બ્લોકર અને પટ્ટીથી રેમીડી થઇ શકે છે, SE માં રસોડું, SSE માં ઘીનો ડબ્બો તથા એલચી, દક્ષિણમાં સંજીવનીબુટી વાળા હનુમાનજી, SW માં ગોલ્ડન ફ્રેમમાં ફેમીલી ફોટો, WSWમાં સરસ્વતીજીનો ફોટો, સ્ટડી રૂમ, WEST માં ઇચ્છા લખેલી વિઝન બોર્ડ, WNW માં સ્માઇલી બોલર ફોટો, NW માં વેચવાનો સામાન, NNW માં બે ગુલાબના ફુલ રાખવા. આમ રંગોથી ફોટો ફ્રેમથી, મૂર્તિઓથી વાસ્તુ બેલેન્સ કરી શકાય. ફક્ત ઇશાન્યના ટોઇલેટનો કોઇ ઉપાય નથી. મુખ્ય દ્વાર મત્સ્ય યંત્ર, ત્રીશક્તિ યંત્ર, સિંદુરનો સાથીયો, શુભ-લાભથી ઉર્જીત કરવો. સાથે જ્યોતિબેને આર્થિક પ્રગતિ માટે તજ, તજના પત્તા, લવીંગ કપુરના ઉપાયો તથા મનિ કોઇન, મની કોડ્સ, વિશ ફુલફીમેન્ટ નંબર બતાડ્યા હતા.

– જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ
વાસ્તુ વિશારદ, ન્યુમરોલોજીસ્ટ, એસ્ટ્રોલોજી

## કુકમા મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા મહિલા મંડળની જનરલ મીટીંગમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી તા. ૨૭-૦૩-૨૦૨૪ના સમાજવાડી મધ્યે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન જે. ટાંકના અધ્યક્ષ સ્થાને બોલવવામાં આવેલ હતી. જેમાં શરૂઆતમાં પ્રભુ પ્રાર્થના કરવામાં આવેલ. ત્યાર બાદ મહેમાનો દ્વારા દિપ પ્રજ્વલિત કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. મંચ પર બિરાજમાન અતિથિઓ મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન સોલંકી, આર.એસ.એસ.ના ઉષાબા તેમજ પુષ્પાબા ચુડાસમા, કુકમા ગામના સરપંચ રસીલાબેન રાઠોડ, અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર અનુસયાબેન પરમાર, ભાનુબેન પરમાર, ઘટક પ્રમખુ શ્રી હરગોવિંદભાઇ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ ઉત્તમભાઇ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત બાદ પ્રાસંગીક ઉદ્બોધનમાં મહિલા દિવસની ઉજવણી રૂપે બહેનોને માર્ગદર્શન આપેલ. મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન સોલંકીએ છોકરા-છોકરીઓને સગપણ સંમેલનમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે માર્ગદર્શન આપેલ. કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે જીવનમાં ધ્યાનનું મહત્વ સમજાવેલ અને બહેનોને



એક્યુપ્રેશરના પોઇન્ટ વિશે જાણકારી આપેલ. તેમજ કચછના નાના મહિલા મંડળો કે જ્યાં વસ્તી ઓછી છે તેવા મંડળો પણ સારૂં કાર્ય કરે છે.

આર.એસ.એસ.ના ઉષાબા તેમજ પુષ્પાબાએ કુકમા ગામમાં બહેનોની શાખા ચાલુ કરવા માટે માહિતિ આપેલ. વધુમાં જણાવેલ કે બાળકોમાં સંસ્કારનું સિંચન કરવા માટે માતાએ જ આગળ આવવું પડશે. ત્યારબાદ અ.ભા.મ. મહામંડળ સ્પર્ધામાં આ વર્ષ દરમ્યાન થયેલ વિજેતાઓના સન્માન કરવામાં આવેલ. જેમાં શ્રીમતી ઉષાબેન એન. ચૌહાણ (નિબંધ અને પ્રશ્નોતરી)માં વિજેતા, શ્રીમતી વિણાબેન જે. પરમાર (પેપર ડ્રેસીંગ - હિંડોળા સજાવટ), શ્રીમતી ક્રિષ્નાબેન એન. ટાંક (હિંડોળ સજાવટ), શ્રીમતી દિપાબેન પરેશભાઇ ચૌહાણ (યોગ સ્પર્ધામાં વિજેતા).

અ.ભા.મહિલા મહામંડળની યોજાતી દરેક સ્પર્ધામાં કુકમાની બહેનોની સંખ્યા સારી એવી હોય છે તેમજ અ.ભા.મહિલા મહામંડળના આ સત્રમાં આવેલ હોદ્દા ઉપર અનસુયાબેન પરમાર - સલાહકાર, મંત્રી - ઉષાબેન ચૌહાણ, કા.વા. સભ્ય લલીલતાબેન વરૂ, શોભનાબેન જે. ટાંકનું સાલ ઓઢાળી સન્માન કરેલ તેમજ અર્ચનાબેન પરમાર હરહંમેશ એમના તરફથી પાણીની સેવા આપેલ તેમનું સન્માન કરેલ. અંતમાં લક્કી ડ્રો કરવામાં આવેલ તેમજ નવા સત્ર માટે નવા પ્રમુખ શ્રીમતી શોભનાબેન ટાંકની સર્વાનુમતે વરણી કરી કારોબારીની રચના કરેલ અને સમિતિઓ બનાવવામાં આવેલ. અંતમાં ઉષાબેન ચૌહાણે આભારવિધી કરી અલ્પાહાર લઇ બધા છુટા પડ્યા હતા.

કુકમા મહિલા મંડળ દ્વારા તા. ૨૦-૩, ૨૧-૩-૨૦૨૪ના રોજ બે દિવસનો નળાબેટ, નળેશ્વરી માતાજી અને રામદેવપીર (વોંધ)નો પ્રવાસ કરવામાં આવેલ. જેમાં ૫૬ સભ્યો જોડાયા હતા. ભારત-પાકિસ્તાનની બોર્ડર તેમજ પરેડ જોવાલાયક હતી. સર્વે ભાઇ-બહેનો સાથે રહી મજા માણેલ. આ પ્રવાસમાં આયોજક સમિતિના સભ્યો અનસુયાબેન પરમાર, અર્ચનબેન પરમાર, ભાવનાબેન ચૌહાણ, લલિતાબેન વરૂ, શોભનાબેન ટાંક, ઉષાબેન ચૌહાણ બધી બહેનોના સાથ-સહકારથી આયોજન સફળ બનેલ. ભાઇઓમાં જયપ્રકાશભાઇ ટાંક, ગિરીશભાઇ, કિરણભાઇ ચૌહાણ, નવીનભાઇ ચૌહાણ, નરેશભાઇ ચૌહાણ તેમજ રસોયાએ સ્વાદિષ્ટ ભોજન બનાવી જમાડેલ. અરવિંદભાઇ ચૌહાણે સાથ-સહકાર આપેલ. કુકમા મહિલા મંડળે સૌનો આભાર વ્યક્ત કરેલ.

## આદિપુર મહિલા મંડળ



તા. ૮ માર્ચ મહિલા દિવસની ઉજવણીના રૂપે તા. ૧૯-૦૩-૨૦૨૪ના આદીપુર સમાજ ભવન મધ્યે ઉજવવામાં આવેલ. દિપ પ્રાગટ્ય બાદ અનિતાબેન ટાંક, અને અનુરાધાબેન ટાંકે યોગના મહત્વ વિષે લઘુ-નાટીકા રજુ કરેલ. નેહાબેન રાઠોડ, હીનાબેન ચાવડા અને અનુબેન ટાંક દ્વારા ત્રણ પેઢીની ઝલક રજુ કરેલ. ત્રિવેણીબેન ટાંક, હર્ષિદાબેન વાઘેલા, ભાવિતાબેન રાઠોડ,



મહિલા દિવસ ઉપર પોતાના મંતવ્ય રજુ કરેલ. પલ્લવીબેન પરમાર અને કિર્તિબેન પઢિઆરે જુડવા બહેનોની મુશ્કેલીઓ વિષે સમજણ આપી. સ્વાતિબેન પઢિઆર (રાજસ્થાની), કલ્પનાબેન વાઘેલા (મરાઠી), તૃપ્તિબેન વાઢેર (બંગાળી), ઉર્મિલાબેન ટાંક (રાજસ્થાની), નીશાબેન ચાવડા (મીરા), બધાએ પોતાની પ્રસ્તુતી રજુ કરેલ. મીરાબેન પઢિઆરે અને બાળકોએ રામ આયેંગે પર નાટીકા રજુ કરેલ. શારદાબેન ચૌહાણ, મનિષાબેન ચૌહાણ, ચેતનાબેન ચૌહાણ અને મીતલબેન અને કોકીલાબેને સાસુ-વહુના સંબંધ પર નાટીકા રજુ કરેલ. સાવિત્રીબેને ભજન રજુ કરેલ. જાગૃતિબેન પરમારે ગરબો ગાયેલ હતો. રક્ષાબેન ટાંક અને અનુરાધાબેને કાર્યક્રમનું સંચાલન કરેલ. મહિલા મંડળ તરફથી દરેકને ગીફ્ટ આપવામાં આવેલ અને અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ. મહિલા મંડળની તા. ૦૬-૦૪-૨૦૨૪ના રોજ શ્રીમતી તૃપ્તીબેન વાઢેરના ઘરે કીટી પાર્ટી હતી. પ્રભુ પ્રાર્થના બાદ સરપ્રાઇઝ વનમિનિટ ગેમ રમાડેલ. તેમાં પ્રથમ અનિતાબેન ટાંક, બીજા ક્રમે મિલતબેન ચૌહાણ અને ત્રીજા ક્રમે રક્ષાબેન ટાંક આવેલ. મેચીંગ સાથે સુંદર તૈયાર થવા બદલ અરૂપાબેન ટાંકને વિશેષ ગીફ્ટ આપેલ હતી. ત્યાર બાદ મ્યુઝીક પર કેટવૉક કરેલ અને આનંદ માણેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ અને છેલ્લે અલ્પાહારની મજા માણી સૌ છુટા પડ્યા હતા.

## છત્તિસગઢ પ્રા. મહિલા મંડળ


છત્તિસગઢ પ્રાદેશિક મહિલા મંડળની ૨૦૨૪-૨૬ સુધીના નવા પ્રમુખ શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડ દ્વારા નવી કમીટીનું ગઠન કરવામાં આવેલ. ત્યાર બાદ સર્વ પ્રથમ તા. ૦૭-૦૨-૨૦૨૪ના ઝુમ મીટીંગ દ્વારા પરિચય સત્ર રાખવામાં આવેલ. જેમાં સર્વે નવનિર્વાચીત સલાહકારો, પદાધિકારીઓ સાથે સર્વે ઘટકના મહિલા મંડળના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહી પોતાનું પરિચય આપેલ સાથે અન્ય સમિતિઓનું પણ ગઠન કરવામાં આવેલ.


ત્યાર બાદ પ્રથમ આયોજન તા. ૧૪-૦૨-૨૦૨૪ના વસંત પાંચમના ઉપલક્ષમાં છ.ગ. પ્રાદેશિકના ઘટકો માટે શ્લોક અને સરસ્વતી વંદના ઉચ્ચારણ પ્રતિયોગીતા રાખવામાં આવેલ. જેમાં વિભિન્ન ઘટકોએ ભાગ લીધેલ.

જેમાં પ્રથમ - ધ્રુવી ચાવડા - ડોંગરગઢ, દ્વિતીય - ભવ્યા ખોડિયાર - મનેન્દ્રગઢ, તૃતિય - કેસર પરમાર - ભિલાઇ, ચતુર્થ - તથ્ય પરમાર - દુર્ગ, સેજલ ટાંક - રાજનાંદગાંવ, પંચમ - ઇશિતા વેગડ - કોરબા, કુંજલ ચાવડા - ડોંગરગઢને પુરષ્કૃત કરવામાં આવેલ. ત્યાર બાદ દ્વિતીય આયોજન તા. ૦૨-૦૩-૨૦૨૪ના ઓનલાઇન જુમ મીટીંગનું પ્રશિક્ષણ સત્ર છત્તીસગઢ પ્રાદેશિકના સમસ્ત મહિલા મંડળ માટે આયોજીત કરવામાં આવેલ. જેમાં પંકજભાઇ સોલંકી - રાયપુર દ્વારા ઓનલાઇન મીટીંગની બેઝીક જાણકારી આપવામાં આવેલ સાથે બહેનોના પ્રશ્નોના સમાધાન પણ કરવામાં આવેલ. સર્વે ઘટકના બહેનોએ આ પ્રશિક્ષણનું લાભ લીધેલ.

તૃતિય આયોજન છત્તિસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા માર્ચ મહિનામાં હોળીના શુભ અવસરે તા. ૨૪-૦૩-૨૦૨૪ના રોજે છત્તિસગઢ પ્રાદેશિક સમિતિના સર્વે ઘટકોના મહિલા મંડળો દ્વારા હોળી મિલનનું વિડિયો બનાવીને મંગાવામાં આવેલ હતું તે સર્વે વિડિયોને એક કરી હોળી મિલનનું એક રીલ બનાવવામાં આવેલ તે બધાને ખુબજ પસંદ આવેલ.

## નિઝામાબાદ મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નિઝામાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૪-૦૩-૨૦૨૪, રવિવારના મહિલા મંડળની મીટીંગ ઉપપ્રમુખ ગં.સ્વ. પ્રિતીબેન પ્રદિપભાઇ ચાવડાને ઘરે રાખવામાં આવી હતી. મીટીંગમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળી મિલનની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે ૮ માર્ચ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં ૩ બહેનોનું સન્માન કરવામાં આવેલ હતું. જેમાં ગં.સ્વ.લીલાબેન ઇશ્વરભાઇ વાઘેલા, અરૂણાબેન ગિરીશભાઇ ચાવડા, ગં.સ્વ. જ્યોતીબેન પ્રફુલભાઇ રાઠોડ. પછી બધી બહેનો મળીને એક મિનિટ ગેમ રમ્યા પછી ઘટક દ્વારા હોળી પ્રગટાવવામાં આવી. બધાએ દર્શન કરીને ગુલાલથી હોળી રમ્યા બાદ અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## અંજાર મહિલા મંડળ





અંજાર મહિલા મંડળની મંથલી મીટીંગ પ્રમુખ શ્રીમતી સવિતાબેન જે. ચૌહાણના અધ્યક્ષ સ્થાને તા. ૧-૪-૨૦૨૪, સોમવારના રોજ સમાજ ભવન ખાતે રાખવામાં આવેલ હતી. જેમાં પ્રભુ પ્રાર્થના, થાળ, પ્રસાદ રાખવામાં આવેલ. ગ્રીષ્મ ઋતુને અનુલક્ષીને વિવિધ જાતના શરબત રેસીપી સાથે બનાવેલ હતો. પ્રથમ, દ્વિતીય, તૃતિય આવેલ. બહેનોને મંડળ તરફથી ઇનામો આપવામાં આવેલ હતા. ભાગ લેનાર દરેક બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. નર્મદા પરીક્રમા કરીને આવેલ પુષ્પાબેન જીવરામભાઇ ટાંક તથા મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ તરફથી સૌ બહેનોને અલ્પાહાર કરાવવામાં આવેલ. મહાસભા મેરેજ બ્યુરો સમિતિ દ્વારા ગાંધીનગર મુકામે તા. ૪ અને ૫ - મેના રોજ આયોજીત ડેસ્ટીનેશન મેરેજ બ્યુરોની વિગતવાર માહિતિ આપવા માટેનો માર્ગદર્શન કેમ્પ અંજાર મહિલા મંડળના સ્નેહમય નિમંત્રણથી અંજાર સમાજ ભવન મધ્યે રાખવામાં આવેલ હતો. જેમાં પ્રમુખ શ્રીમતી સવિતાબેન ચૌહાણ તથા તેમની ટીમે ખુબ જ મહેનત કરી વ્યવસ્થા સંભાળી હતી. ત્યાર બાદની મંથલી મીટીંગ ૧-૫-૨૪, બુધવારના રાખવામાં આવેલ. જેમાં ગાયત્રી પરિવારના મીતાબેન મોહનલાલભાઇ ટાંક દ્વારા સમુહમાં શ્રી સત્યનારાયણની કથા કરાવવામાં આવેલ. જેમાં ગાયત્રી મંદિરના આચાર્ય હાજરી આપી અને હરિદ્વારથી જ્યોતિકળશ આવશે તેની વિસ્તૃત માહિતી આપી આ પ્રસંગે ૭૦ થી ૮૦ ભાઇ-બહેનોએ હાજરી આપેલ. ગાંધીધામના ગાયત્રી પરિવારના પ્રભુલાલભાઇ તથા કલાબેન દ્વારા ગાયત્રી સામયિકનું વિતરણ કરવામાં આવેલ. શ્રીમતી સંગીતાબેન રાઠોડ તરફથી સૌને કુલ્ફી ખવડાવવામાં આવેલ.તા. ૧૧-૫-૨૦૨૪, શનિવારના રોજ સમાજ ભવનના એસી હોલમાં પ્રમુખ શ્રીમતી સવિતાબેન જે. ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં ગત ટર્મના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન પી. ચાવડાનું અભિવાદન તથા નવનિર્વાચીત પ્રમુખ શ્રીમતી સવિતાબેન જે. ચૌહાણનું અભિવાદન સાલ અને પુષ્પગુચ્છથી કરવામાં આવેલ. ગત ટર્મના સર્વ હોદ્દેદારશ્રીઓ, કારોબારી બહેનો તથા ત્રણ વર્ષ દરમિયાન અંજાર ઘટકમાં યોજાતા સમુહ લગ્ન તથા અષાઢી બીજ સમુહ નાતમાં જમવાની વ્યવસ્થા સંભાળનાર તથા પીરસનાર દરેક બહેનોનું સ્ટીલના બાઉલ આપી પુરસ્કૃત કરેલ. હાઉઝી રમાડી વિવિધ ઇનામો આપેલ. મહિલા મંડળ તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

## રાઉરકેલા મહિલા મંડળ



તા. ૧૪-૦૪-૨૦૨૪, રવિવારના સાંજે ૫.૦૦ કલાકે મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારના પ્રમુખપણા હેઠળ રાઉરકેલા સમાજ ભવનમાં સુંદર રાસગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ ધાર્મિક કાર્યક્રમમાં રાઉરકેલા ઘટકના દરેક નાના-મોટા સર્વે સદસ્યોએ ભાગ લઇ આ

કાર્યક્રમને સફળ બનાવેલ તેમજ રાઉરકેલાની બાળાઓએ ગરબાની સુંદર પ્રસ્તુતિ કરેલ.

આદ. પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમાર તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબને દિનેશભાઇ પરમારના વરદ હસ્તે પ્રોત્સાહન રાશી આપીને તેમનું ઉત્સાહવર્ધન કરવામાં આવ્યું. સર્વ પ્રથમ દીપ પ્રાગટ્ય પ્રભુ પ્રાર્થના બાદ મહિલા મંડળ દ્વારા માતાજીના ગરબા, ભજન-કિર્તન તથા મહિલા મંડળ તથા સર્વે ઘટકના સદસ્યો દ્વારા દાંડિયા રાસ ગરબા કરવામાં આવેલ. પછી આરતી કરી પ્રસાદી વિતરણ કર્યું પછી છેલ્લે અલ્પાહારનો આનંદ માણી સૌ છુટા પડ્યા હતા.

## માધાપર મહિલા મંડળ



માધાપર મહિલા મંડળ દ્વારા પ્રમુખ શ્રીમતી તારાબેન આર. ટાંકના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ હતી. સત્ર પૂર્ણ થતાં આગામી સત્ર માટે પ્રમુખ તરીકે ૩૦૦ બહેનોની સભ્ય સંખ્યાના સમર્થનથી ફરીથી તારાબેન ટાંકને મહિલા મંડળનું પ્રમુખ પદ સોંપવામાં આવ્યું હતું. ત્યાર બાદ બહેનોને ગેમ રમાડવામાં આવેલ હતી અને ઇનામ આપવામાં આવ્યા હતા. મંડળમાં સભ્ય ફી ભરનાર ૩૦૦ બહેનોને રીટર્ન ગીફ્ટ મંડળ તરફથી આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા. તેમજ સામાન્ય સભામાં બહેનોને મહિલા મંડળની કામગીરી અંગે પ્રતિભાવ આપવા માટે જણાવતા બહેનોએ મહિલા મંડળના કામને ખૂબ જ સારા પ્રતિભાવ આપી બિરદાવેલ હતું.

## દુર્ગ મહિલા મંડળ





દુર્ગ મહિલા મંડળ દ્વારા લગભગ ૪૦ વર્ષોથી સમાજ ભવનમાં ચૈત્ર નવરાત્રીમાં રામાયણ પાઠનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ નવરાત્રીમાં બહેનોએ મળીને રામાયણ પાઠનું વાંચન કર્યું હતું. રામનવમીના દિવસે પ્રભુ શ્રી રામ ભગવાનનો બપોરે ૧૨ વાગે જન્મ ઉત્સવ ધામધૂમથી મનાવી રામાયણ પાઠની પૂર્ણાહુતિ કરી હતી.

તા. ૧૩-૦૪-૨૦૨૪ના દિવસે મહિલા મંડળ દ્વારા સમાજભવનમાં હનુમાન જન્મોત્સવ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. તેમાં મહિલા મંડળના બધા બહેનો, ઘટક કારોબારી, આર્યનગર ભજન મંડળી, યુવા મંડળ, યુવતી મંડળ બધાને આમંત્રીત કરેલ. સવારે ૧૦ વાગ્યાથી સુંદરકાંડ પાઠ, હનુમાન ચાલિસા, ભજન, આરતી, ભોગ તથા પ્રસાદ વિતરણ કરેલ. ત્યાર બાદ આમંત્રીત બધા બ્રાહ્મણોને ભોજન પ્રસાદ તથા દાન-દક્ષીણા આપી. પછી ઉપસ્થિત બધા ભાઇ-બહેનો, બાળકોએ મળીને ભોજન પ્રસાદીનો આનંદ લીધો. ભોજન પ્રસાદ લગભગ ૨૦૦ ભાઇ-બહેનોએ લીધો. આ ભવ્ય આયોજન બધા બહેનોના સહયોગથી ખુબજ સુંદર રીતે સંપન્ન થયું.



સિનુગ્રા નિવાસી શ્રી ઉમાકાન્તભાઇ વાઢેરના સુપુત્ર શ્રી ભુમિતભાઇ ઉમાકાન્તભાઇ વાઢેરને પૂર્વ કચ્છ જિલ્લાના કમાન્ડન્ટ હોમગાર્ડ-૧ ગૃહ વિભાગ ગુજરાત સરકાર દ્વારા કુશળ નેતૃત્વ સંભાળવાની જવાબદારી મળેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિ કરતા રહો તેવી હાર્દિક શુભકામના...

# ग्रीष्मकाल के मजेदार खेल

स्विमिंग पूल, कोई स्कूल नहीं
और करने के लिए बहुत सी चीज़ें हैं
क्या आप अनुमान लगा सकते हैं
कि यह कौन सा मौसम है?..... हाँ, यह गर्मी है!!!
बहुत सारे बड़े पेड़,
रंग-बिरंगे फूल और घास
बहुत हरी-भरीझाड़ियाँ इतनी हरी-भरी हैं
कि उनमें खाने लायक जामुन हैं!
पक्षी, हिरण, खरगोश और अन्य
भीवो सब आज सामने आ गए..
इस उज्ज्वल गर्मी के दिन खेलने के लिए!
स्विमिंग पूल बहुत मज़ेदार है
एक बार आप इसमें कूद पड़े
तो इसे कभी भी पूर्ववत नहीं किया जा सकता!
हम तैरते हैं.. हम तैरते हैं,
हम कूदते हैं और खेलते हैं
हम आराम महसूस करते हैं
और हमेशा रहना चाहते हैं!
हमें उम्मीद है कि हम हर दिन वहां जा सकते हैं !!
मेरी बहन तैर सकती है और मैं भी
हम साथ में बहुत मजा करते हैं, ओह माय!!
पार्क में करने के लिए बहुत कुछ है,
स्लाइड, झूले, मैरी गो राउंड और मंकी बार भी!
जैसे ही मैं पार्क में प्रवेश करता हूं मेरी बैटरी टर्बो
चार्ज हो जाती हैमैं एक बजरे के साथ सब कुछ
तलाशना चाहता हूँ !!क्योंकि मैं पार्क के बहुत करीब
रहता हूँ..मैं वहां किसी भी समय जा सकता हूं!!

- सानवी वरु USA

# શ્રી ચાવલ માતાજી રાઠોડ - કુકમા



કુકમા ગામે શ્રી ચાવલ માતાજી રાઠોડ પરિવાર દ્વારા ચૈત્રી નવરાત્રી નું હોમાત્મક હવન નું તારીખ ૧૪/૦૪/૨૦૨૪ રવીવારે દર વર્ષની જેમ આયોજન કરવામાં આવેલ. આ હવન તથા મહા પ્રસાદ લાભ લેવા સમગ્ર કચ્છમાં વસ્તા તેમજ કચ્છ બહાર પરદેશ વસ્તા સમગ્ર રાઠોડ ગોઠી પરિવારે ખુબ ઉમંગથી અને શ્રદ્ધા ભાવથી પધારવા માટે શ્રી રાઠોડ ગોઠી વ્યવસ્થાપક સમિતિ અંતર થી તેમનો આભાર માને છે. આ ચૈત્રી નવરાત્રીના હવન તથા મહાપ્રસાદના દાતા શ્રીમાન વાઘજીભાઈ મેઘજીભાઈ લાલજી રાઠોડ દ્વારા રાખવામાં આવેલ તેમજ તેઓએ હવનમાં બેસવાનો લાભ આપણા ભુવા શ્રી હરિષભાઈ સાથે લીધેલ. માતાજી નો વિધિ વિધાન સાથે શાસક્રોત હોમાત્મક હવન શ્રી હાર્દિકભાઈ હરિષભાઈ ભટ્ટ ભુજવાળા દ્વારા સંપ્પન કરવામાં આવેલ. તેમજ માતાજી ના આર્શીવાદ મેળવેલ. અને માતાજી ની મહા આરતીમાં જોડાઈને સર્વે રાઠોડ ગોઠી પરિવાર ખુબ ભાવ વિભોર થયા હતા. સૌવ રાઠોડ ગોઠી પરિવાર દ્વારા આશો માસ તેમજ ચૈત્ર માસ ની નવરાત્રી માં હોમાત્મક હવન અને મહા પ્રસાદ નું આયોજન દાતા દ્વારા અને દાતા ન હોય તો સર્વે રાઠોડ ગોઠી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવે છે.

## અનંતની યાત્રાએ...

ઇન્દોર (ચંદિયા) નિવાસી શ્રી પુરૂષોત્તમભાઇ વરજાંગ ચાવડા (ઉ.વ.૯૫)નું તા. ૧૫-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (ચંદિયા) નિવાસી નંદિનીબેન નરેન્દ્રભાઇ ચાવડા (ઉ.વ.૫૮)નું તા. ૨૮-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (કુંભારીયા) નિવાસી શ્રી લીલાધરભાઇ દેવરામભાઇ ચૌહાણ (ઉ.વ.૭૮)નું તા. ૧૬-૦૩-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (કુંભારીયા) નિવાસી શ્રી રમેશભાઇ હરિરામભાઇ રાઠોડ (ઉ.વ.૭૨)નું તા. ૦૭-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (સિનુગ્રા) નિવાસી શ્રીમતી સરોજબેન વિજયભાઇ ટાંક (ઉ.વ. ૫૧)નું તા. ૨૨-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (સિનુગ્રા) નિવાસી શ્રી લલીતભાઇ હિમ્મતભાઇ વાઘેલા (ઉ.વ.૬૪)નું તા. ૨૫-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (લોહારીયા) નિવાસી જયાબેન જીવરામભાઇ પરમાર (ઉ.વ.૮૩)નું તા. ૦૬-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.




KIA

Movement that inspires

**RATHOD KIA**

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

**RATHOD TOYOTA**

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and
Electronics (CDE) retailer

**Rathod Chambers**

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750 Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740 Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



## બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)












આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

## શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

## શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

## માધવ સ્વીટ એન્ડ નમકીન



શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮





Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



YOGESH CHAWDA

# vedbhumi

## VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
## VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power Systems
Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.






**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on June-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક, માનદ્ તંત્રી અને પ્રકાશક : કાર્યવાહક પ્રમુખ શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.